# અધ્યાય ૮
## શ્રી સાઈ સમર્થ-ભિક્ષાક્રમ

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્દગુરુસાઈનાથાય નમઃ ।**

આ અધ્યાયમાં માનવદેહના મહત્ત્વની સવિસ્તર નોંધ આપ્યા બાદ શ્રી સાઈબાબાનો ભિક્ષાક્રમ, બાયજાબાઈએ કરેલી બાબાની સેવા, મહાળસાપતિ તથા તાત્યા કોટે પાટીલ જોડે બાબાનું મસીદમાં શયન તથા રાહતાના શેઠ ખુશાલચંદ પ્રત્યેનો બાબાનો પ્રેમ એ સર્વનું સવિસ્તર વર્ણન હેમાડપંતે કર્યું છે.

**માનવજીવનનું મહત્ત્વ :** આ અજબ વિશ્વમાં હિન્દુ શાસ્ત્રોની ગણના મુજબ દેવ, દાનવ, માનવ, જંતુ, પ્રાણી અને સર્વ જીવની ચોરાશી લાખ યોનિ ઈશ્વરે ઉત્પન્ન કરી છે; અને સર્વનો વાસ સ્વર્ગ, નરક, ભૂમિ, સાગર, આકાશ તથા તેમની મધ્યમાં આવેલો છે. આમાંથી પુણ્યાત્મા જીવ સ્વર્ગમાં જાય છે અને સત્કર્મના ફળના ભોગ પૂરા થાય ત્યાં સુધી તે ત્યાં જ વસે છે. તે ભોગ પૂરો થતાં તેને પુનઃ પૃથ્વી પર આવવું પડે છે. એ જ રીતે પાપી જીવાત્મા નરકમાં પડે છે અને પાપકર્મનાં ફળ ભોગવી રહે ત્યાં સુધી તેને નરકમાં જ રહેવું પડે છે અને પુનઃ પાપ તથા પુણ્ય બંને સમતોલ બને છે, ત્યારે તેને પણ પુનઃ પૃથ્વી પર આવવું પડે છે અને માનવ–અવતાર–આ મુક્તિની પ્રાપ્તિની એક વધુ તક તેને આપવાની પ્રભુ કૃપા કરે છે. અંતે જ્યારે પાપ તથા પુણ્યનો પૂરો ક્ષય થાય છે ત્યારે તેનો મોક્ષ થાય છે ને તેને મુક્તિ મળે છે. ટૂંકામાં કર્મ તથા બુદ્ધિ પ્રમાણે માનવી કર્મફળ તથા જન્મ પામે છે.

**માનવ-અવતારનું મૂલ્ય :** આપણને ખબર છે કે ચાર વસ્તુ–આહાર, ઊંઘ, ભય તથા મૈથુન એ તમામ પ્રાણીમાં એક જ સરખાં છે. પણ માનવીમાં એક શક્તિ વધુ છે–તેને પ્રભુએ જ્ઞાન આપ્યું છે; જે વડે તે ઈશ્વર-સાક્ષાત્કાર

કરી શકે છે. માનવ સિવાય અન્ય કોઈ અવતારમાં તે સંભવિત નથી. તેથી દેવો પણ માનવજન્મની ઈર્ષા કરે છે અને અંતિમ મોક્ષપ્રાપ્તિ માટે પૃથ્વી પર માનવરૂપે અવતરવાની ઇચ્છા સેવે છે.

વળી કેટલાક એથી ઊલટું એવું પણ કહે છે કે માનવદેહ જેવી બીજી કોઈ ખરાબ વસ્તુ નથી. માનવદેહ તો મળ, મૂત્ર પરુ ઇ. ગંદવાડાથી ભરલો છે અને તે રોગ-ક્ષય-મૃત્યુને આધીન છે. અલબત્ત અમુક અંશે આ વાત સાચી પણ છે. પણ આ ત્રુટી તથા આ દોષો છે તે છતાં માનવ-અવતારનું મૂલ્ય બહુ ભારે છે. કેમ કે માનવીને જ્ઞાન સંપાદન કરવાની શક્તિ છે. માનવદેહમાં ઈશ્વરે મૂકેલી શક્તિને લીધે આ દેહની તથા આ જગતની અનિત્યતાનો ખ્યાલ તેને સહજ આવે છે; જેથી ઇન્દ્રિયસુખ પ્રત્યે તેને અભાવ જાગે છે. વળી સત્યાસત્યનો વિવેક પણ કરી શકાય છે અને અંતે ઈશ્વર-સાક્ષાત્કાર પણ થઈ શકે છે. તેથી આ માનવદેહ તો ગંદવાડાથી ભરેલો છે, એમ માની તેનો અનાદર કરીએ તો આપણને મળેલી ઈશ્વર-સાક્ષાત્કારની તક હાથમાંથી સરી જાય છે. જો દેહ લાલન-પાલનમાં તથા ઇન્દ્રિયના ભોગ પછવાડે દોડ્યા કરીએ તો આવો કિંમતી અવતાર મળ્યા છતાં આપણે નરકમાં પડીએ છીએ, તેથી આપણે પ્રથમથી જ સાચો યોગ્ય માર્ગ પકડવો જોઈએ. જેમ ઘોડેસવાર ઇષ્ટ સ્થાને પહોંચી પાછો સ્વગૃહે આવે ત્યાં સુધી માર્ગમાં પોતાના ઘોડાની પૂરી સંભાળ રાખે છે, તેમ આપણે પણ આ દેહનો અનાદર કરવાનો નથી. અગર તો તેનું અતિ લાલન-પાલન પણ કરવાનું નથી. પણ આ દેહની યોગ્ય સંભાળ તો લેવી જોઈએ. માનવદેહનો અંતિમ હેતુ આત્મદર્શન અર્થાત્ ઈશ્વર-સાક્ષાત્કાર છે. તે હેતુ પાર પાડવા સારુ જ આપણે આ દેહનો ઉપયોગ કરવાનો છે.

એવું કહેવાય છે કે ભગવાને અનેક પ્રાણીઓ રચ્યાં પણ તે કોઈથી તેમને સંતોષ થયો નહિ, કારણ કે આમાંનું એક પણ પ્રાણી તેમને અગર તેમના કાર્યને ઓળખી શક્યું નહિ, અગર તેની કદર કરી શક્યું નહોતું. તેથી જ પ્રભુએ ખાસ પ્રાણી–માનવની રચના કરી અને તેને ખાસ શક્તિ-જ્ઞાન આપ્યું. પ્રભુએ જ્યારે જોયું, કે મારી અદ્‌ભુત રચના-લીલાબુદ્ધિની કદર કરવા તો માનવ જ



શક્તિવંત છે ત્યારે પોતે બહુ રાજી થયા અને સંતોષ પામ્યા. (જુઓ ભાગવત, ૧૧-૯-૨૮) તેથી આ માનવદેહ, તો બહુ ભાગ્યવંતને જ મળે છે. તેમાં પણ બ્રાહ્મણકુળમાં જન્મ તો મહદ્‌ભાગ્ય ગણાય છે અને તેમાં બાબાની શરણાગતિ તથા તેમનાં પાદસેવન તો માનવીનું અલૌકિક સદ્‌ભાગ્ય લેખાય છે.

**માનવ-પ્રયત્ન :** માનવ-દેહ કેવો અમૂલ્ય છે તથા ચોક્કસ સમય થતાં આપણને અચાનક જ કાળ પકડી જવાનો છે એ સર્વ યથાર્થ સમજીને આપણે સદા આપણો જીવનહેતુ સફળ કરવા તત્પર રહેવું જોઈએ. તેમાં મુદ્દલ વિલંબ કરવાનો નથી. જેવો વિધુર પુરુષ નવી સ્ત્રી પરણવા આતુર હોય છે અગર તો જેવો રાજા ગુમ થયેલા પુત્રને પાછો મેળવવાનો એક પણ ઇલાજ બાકી રાખતો નથી તેવી જ રીતે આપણે પણ આપણું લક્ષ્ય સાધવા પૂરી ઉતાવળ કરવી જોઈએ. આત્મદર્શન અર્થાત્ ઈશ્વર-સાક્ષાત્કાર માટેના ત્વરિત, ગંભીર દરેક પ્રયત્ન આપણે કરી છૂટવા જોઈએ. ઊંઘ-આળસને ત્યજી દઈ તંદ્રામાં ન પડતાં દિન-રાત આપણે આત્માનું ધ્યાન ધરવું જોઈએ. જો આમ કરતાં ચૂકશું તો અવશ્ય આપણે પશુની સ્થિતિમાં મૂકાવાના છીએ. તે નિશ્ચિત છે.

**પ્રગતિ કેમ કરવી :** આ હેતુ સિદ્ધ કરવાનો ઉત્તમ-ત્વરિત-ચોક્કસ માર્ગ તો એ છે કે જેમણે સાક્ષાત્ ઈશ્વરદર્શન કર્યું હોય તેવા સદ્‌ગુરુ, યોગ્ય સંત-સાધુ પાસે આપણે પહોંચી જવું જોઈએ. જે વસ્તુ કઠિન ધાર્મિક ગ્રંથોના અધ્યયન દ્વારા અગર શ્રવણ વડે પ્રાપ્ત થઈ શકે છે તે આવા પુણ્યવંત મહાત્માના સત્સંગથી સહજ મળે છે. જેમ સર્વ તારકગણને એકઠા કરો છતાં એક સૂર્ય જેટલો પ્રકાશ તે આપી શકતા નથી તેમજ સર્વ ધર્મગ્રંથોના અધ્યયન કે શ્રવણ દ્વારા મળતા જ્ઞાન કરતાં અનેક ગણું વધુ જ્ઞાન એકલા સદ્‌ગુરુ આપે છે. તેમની રહેણી-કરણી તથા તેમના મુખકમળની સાદી કથાવાર્તા જ આપણને મૂગો બોધ દે છે. ગુરુના નિર્મળ સત્સંગમાં શિષ્યોને ક્ષમા, શાંતિ, વૈરાગ્ય, દાન, ઉદારતા, મનોનિગ્રહ, અહંત્વનો અલાભ ઇ. ઘણા સદ્‌ગુણ નજરે પડે છે. તેથી તેમના અંતરમાં પ્રકાશ પડે છે અને તેમની આધ્યાત્મિક ઉન્નતિ થાય છે. સાઈબાબા આવા સંત સદ્‌ગુરુ હતા. અલબત્ત એક ભિક્ષુક-

ફકીર જેવું તેમનું જીવન હતું છતાં તે સદા આત્મનિમગ્ન જ રહેતા હતા અને પ્રાણીમાત્રમાં પોતે ઈશ્વરદર્શન કરતા હતા. દરેક પર પોતે પ્રેમ રાખતા. સુખમાં ફુલાતા નહોતા કે દુ:ખમાં હારી બેસતા નહોતા. રાય તેમજ રંક સૌ તેમને મન એક જ સરખા હતા. જેમની દષ્ટિમાત્રથી રંક જનો રાય બની જતા હતા તે અજબ પુરુષ શિરડીમાં ઘેર ઘેર ભિક્ષા માગવા જતા હતા. આ ભિક્ષા તે કેમ માગતા હતા તે હવે આપણે જોઈએ.

**ભિક્ષા માગતા બાબા :** ધન્ય છે શિરડીના લોકો જેમને બારણે બાબા ભિક્ષુક બની ઊભા રહેતા હતા. તે બોલતા : ''અરે ભાઈ, મને રોટીનો ટુકડો દેજે.'' એટલું બોલી પોતે હાથ ધરતા. એક હાથમાં ટિનનું ટમ્બલર-ડબલું અને બીજા હાથમાં ચોખંડા કપડાના ટુકડાની ઝોળી લેતા હતા. નિત્ય પોતે અમુક ઘેર જ જતા અને તેના બારણે ફરતા હતા તથા કઢી, શાક, દૂધ-દહીં જેવી પ્રવાહી કે અર્ધ-પ્રવાહી વસ્તુઓ પેલા ટિનના ડબલામાં લેતા હતા. રોટલી-રોટલા-ભાત જેવી ચીજો પેલી ઝોળીમાં લેતા હતા. સ્વાદેન્દ્રિય જીતેલી હોવાથી બાબાને સ્વાદ જેવી વસ્તુ નહોતી. તેથી ભિક્ષામાં મળેલી મિશ્ર બનેલી વાનગીઓના સ્વાદની તેમને પડી નહોતી. વળી ઝોળીમાં એકઠી થયેલી ચીજો તથા ડબલામાં મળેલી વસ્તુઓ પુન: મિશ્ર કરીને બાબા પ્રેમથી જમતા હતા. જીભ સ્વાદરહિત બની ગયેલી હોવાથી કોઈ વસ્તુ સ્વાદિષ્ટ છે કે કેમ તે તરફ તેમનું લક્ષ્ય જ નહોતું. બપોર સુધી બાબા ભિક્ષા માગતા પણ આ ભિક્ષાટન બહુ અનિયમિત હતું. કોઈ દહાડો બપોરના બાર વાગ્યા સુધી ફરતા હતા તો કોઈ દિવસ થોડુંક જ ફરીને બાબા પાછા ફરતા. આમ ભિક્ષાટનમાં મળેલા પદાર્થ મસીદમાં લાવી એક ઠીકરાની કૂંડીમાં પોતે ઠાલવતા હતા. કૂતરાં, બિલાડાં, કાગડા-સૌ ખુશીથી તે ખાઈ જતાં પણ બાબા કોઈને હાંકી કાઢતા નહિ. મસીદનું ઝાડુ કાઢનારી બાઈ હરબાર-રોટલી લઈ જતી. તેને પણ કોઈ ના પાડતું નહિ. જેમણે કદી કઠોર શબ્દથી કે ઇશારા વડે પણ સ્વપ્નમાંયે કૂતરાં, બિલાડાને પણ કાઢી મૂકયાં નથી, તે અનાથ લોકોને અન્નની ના કેમ પાડે ? ખરે જ આવા અમીર પુરુષનું જીવન ધન્ય છે ! શરૂ-શરૂમાં શિરડીના લોકો બાબાને ગાંડા ફકીર ગણતા હતા; અને એ નામે જ ગામમાં તેમને ઓળખતા હતા. રોટલાના ટુકડા ઉઘરાવી જનાર માણસને માનપાન પણ કોણ આપે ? પણ આ નિરાભિમાની ફકીર, દેહના તેમજ દિલના બહુ ઉદાર, દાની તથા વૈરાગી હતા. ઉપરથી તો તે ચંચલ ચિત્તના અને ક્રોધી દેખાતા હતા પણ અંતરથી તો દઢ-સ્થિર મનના મહાત્મા હતા. તેમના વર્ણની જ કોઈને ખબર પડી નથી. એમ છતાં તે શિરડી જેવા નાના ગામમાં એવા પણ થોડા ભલા-ભાગ્યવાન લોકો હતા, જેઓ આ મહાત્માને ઓળખીને પૂરું માન દેતા હતા. તેનું એક દષ્ટાંત જોઈએ.



**બાયજાબાઈની ભવ્ય સેવા :** તાત્યા કોટેની માતા બાયજાબાઈ શાક તથા રોટલો એક ટોપલામાં માથે ઉપાડીને નિત્ય બપોરે વગડામાં જતાં હતાં અને આ ગાંડા ફકીરને ગોતીને જમાડવા માટે કેટલાએ ગાઉ કાંટા, ઝાંખરાં, ખૂંદતાં વગડેવગડે ભમતાં હતાં અને તેને ગોતીને પગે પડતાં હતાં. કોઈ સ્થળે તે શાંત સ્થિર ધ્યાનમાં બેઠા હોય ત્યારે તેમની પાસે પાંદડાની પતરાવળી મૂકી શાક-રોટલાનું ભોજન પીરસતાં હતાં અને પરાણે ખવડાવતાં હતાં. આ બાઈની શ્રદ્ધા તથા સેવા અજબ હતી. ખરા તડકે વગડામાં ભટકીને બાયજાબાઈ બાબાને આગ્રહ કરીને ભોજન કરાવતાં હતાં. બાબા અંતકાળ સુધી આ બાઈની આ સેવા, ઉપાસના, તપ કદી ભૂલ્યા નહોતા. આ સેવા બરાબર સ્મરણમાં રાખીને બાબાએ તેના પુત્રને સારો બદલો આપ્યો. આ માતા તથા પુત્રને બાબા પર ભારે શ્રદ્ધા હતી. તે તો બાબાને પ્રભુ જ ગણતાં હતાં. બાબા તેમને ઘણીવાર કહેતા: ''સદા ટકી રહે એવી તો ફકીરી જ છે. બાદશાહી તો ક્ષણિક જ છે.'' એ પછી થોડાં વર્ષ બાદ બાબાએ વગડામાં રખડવું છોડી દીધું અને મસીદમાં રહીને ભિક્ષા ત્યાં જ જમતા હતા. ત્યારથી બાયજાબાઈને વગડામાં ભમીને બાબાને જમાડવાની તકલીફ રહી નહિ.

**ત્રણ જણનો શયનખંડ :** જેમના અંતરમાં ભગવાન વાસુદેવનો સદા વાસ છે એવા ભકતોને ધન્ય છે. સાધુ-સંતોના સત્સંગનો લાભ પામનારા ભકતો સાચા ભાગ્યશાળી છે. તાત્યા કોટે પાટીલ તથા ભગત મહાળસાપતિ

પરમ ભાગ્યશાળી હતા. કેમ કે સાઈબાબાના સત્સંગનો તેમને પૂરો લાભ મળ્યો હતો. બાબાનો પણ તેમના પર એકસરખો પ્રેમ હતો. આ ત્રણે જણ અનુક્રમે પૂર્વ, પશ્ચિમ તથા ઉત્તરમાં માથાં રાખીને અને મધ્યમાં એકબીજાના પગ અડકે તેમ સૂતા હતા. પથારી પર પડીને દેહ લંબાવતા હતા. મધ્યરાત્રિ પછી મોડે સુધી વિવિધ વાતોના ગપાટા મારતા હતા. આ ત્રણમાંથી જે કોઈ ઊંઘવા મંડતો કે ઝોકાં ખાતો તેને બાકીના બે જણ જગાડતા હતા. તાત્યા ઘોરવા માંડે કે તરત જ બાબા ઊઠતા અને તેને ઢંઢોળતા તથા માથું દાબીને જગાડતા હતા. તેમજ મહાળસાપતિને પડખે ખેંચીને તેના પગે ઢીંકા મારતા તથા વાંસામાં ધબ્બા લગાવતા હતા. આ રીતે બાબા પરના પ્રેમને લીધે, તાત્યા ઘેર માતા-પિતાને સુવાડી બાબા જોડે મસીદમાં ચૌદ વર્ષ સુધી સૂતા હતા. આ સત્સંગનો સમય કેવો આનંદપ્રદ અને સુખી હતો ! બાબાની કૃપાનું તથા દયાનું તો મૂલ્ય જ થાય તેમ નથી. તાત્યાના પિતા ગુજરી ગયા પછી તેને માથે ઘરનો બધો બોજો આવી પડ્યો અને ત્યારથી તેને ઘેર સૂવું પડ્યું.

**રાહતાના ખુશાલચંદ :** ગણપત કોટે પાટીલ પર બાબાનો સારો ભાવ હતો. એવો જ પ્રેમ રાહતાના શેઠ ચંદ્રભાણ મારવાડી પર પણ હતો. એ શેઠના સ્વર્ગવાસ પછી તેના ભત્રીજા ખુશાલચંદ પર બાબાનો એવો જ-બલ્કે તેથી વિશેષ પ્રેમ હતો. બાબા રાત-દિવસ તેના કલ્યાણની ચિંતા રાખતા. કોઈ વાર બળદગાડીમાં તો કોઈ વાર ટાંગામાં બાબા ભક્તો જોડે રાહતા જતા. ત્યારે રાહતાના લોકો ઝાંઝ-પખાજ લઈ ભજનો ગાતા બાબાનું સામૈયું કાઢતા અને ગામના દરવાજા સુધી આવી બાબાને સાષ્ટાંગ પ્રણામ કરતા હતા તથા ભારે ધામધૂમથી બાબાને ગામમાં તેડી લાવતા અને ખુશાલચંદ શેઠને ઘેર લઈ જતા. સુંવાળી ગાદી પર તેમને બેસાડી સારું ભોજન જમાડતા હતા. ત્યાર બાદ બધા આનંદથી છૂટથી વાતો કરતા. આમ બધાને આનંદ પમાડી સર્વને આશીર્વાદ દઈ બાબા શિરડી પાછા ફરતા હતા. એક બાજુ દક્ષિણમાં રાહતા અને બીજી બાજુ ઉત્તરમાં નીમગામ, એ બે ગામની મધ્યમાં શિરડી આવેલું છે. બાબા શિરડી રહ્યા તે દરમ્યાન તે કદી આ બે ગામની હદ બહાર ગયા જ નથી.



તેમાંયે તેમણે રેલવે-ગાડી તો કદી દેખી જ નથી. એમ છતાં બધી ગાડીઓના આવવા-જવાના સમય-પત્રકની તેમને પૂરી ખબર હતી. જતી વેળા જે ભક્તો બાબાની રજા લેતા હતા તથા તેમની સૂચના મુજબ નીકળતા હતા તેમનું કુશળ થતું હતું, અને જે ભક્તો એ સૂચના અવગણતા હતા તેમને કંઈ ને કંઈ વિપત્તિ નડતી અને તેઓ એક કે બીજા અકસ્માતનો ભોગ થતા હતા. આ પ્રકારની કથાઓ હવે પછીના અધ્યાયમાં આપીશું.

(તા.ક. ખુશાલચંદ પર બાબાની પ્રેમભાવદર્શક એક કથા છે. એક બપોરે બાબાએ કાકા દીક્ષિતને રાહતાથી ખુશાલચંદને તેડવા સારુ મોકલ્યા. ખુશાલચંદ તે જ ક્ષણે જમીને બપોરની નિદ્રા લેતા હતા. ત્યાં જ સ્વપ્નમાં બાબાએ તેને શિરડી આવવા આજ્ઞા આપી હતી, જે કથા આ ગ્રંથના ત્રીસમા અધ્યાયમાં વર્ણવેલી છે.)

***સ્વસ્તિ શ્રી સંતસજજનપ્રેરિતે ભક્ત હેમાડપંત વિરચિતે***
***શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'શ્રી સાઈ સમર્થ ભિક્ષાક્રમ'***
***નામ આઠમો અધ્યાયઃ સંપૂર્ણ ।***
***શ્રી સદ્‌ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।***

# અધ્યાય ૯
# શ્રી સર્વજ્ઞ સાઈનાથ

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

ગયા અધ્યાયને અંતે કહ્યું તેમ વિદાયવેળા બાબાની થયેલી આજ્ઞાનું પાલન કરનાર કેમ સુખી થતા અને ઉલ્લંઘન કરનાર કેવા હેરાન થતા તે વાતનાં થોડાં દૃષ્ટાંતો વિસ્તારથી આપી બીજી વાતો પણ આ અધ્યાયમાં વર્ણવું છું.

**શિરડીયાત્રા :** શિરડીયાત્રાની એક ખાસ ખૂબી એ હતી કે બાબાની રજા વિના કોઈ શિરડી છોડી શકતું નહિ. રજા વિના જનારના માથે વણકલ્પેલાં દુઃખ આવી પડતાં હતાં. એ જ રીતે બાબા જેમને શિરડી છોડી જવાની આજ્ઞા કરતા તેઓ એક ઘડી પણ શિરડીમાં ટકી શકતા નહિ. વિદાયની રજા લેનાર ભક્તને બાબા ચોક્કસ સૂચના દેતા હતા, જેનો અમલ દરેકને અવશ્ય કરવો પડતો હતો. એ આજ્ઞાની અવજ્ઞા કરી જનાર (અર્થાત્ બાબાની સૂચના વિરુદ્ધ વર્તનારા) એક અગર બીજા અકસ્માતનો ભોગ બન્યા વિના રહ્યા નથી. હવે તેનાં થોડાં દૃષ્ટાંત જોઈએ.

**તાત્યા કોટે પાટીલ :** એક વાર તાત્યા કોટે હટાણું કરવા ટાંગામાં કોપરગાવ જતો હતો. તેણે મસીદમાં એકદમ આવી બાબાને નમન કરીને કહ્યું કે 'હું હટાણું કરવા કોપરગાવ જાઉં છું.'' બાબા બોલ્યા, 'ઉતાવળો થા ના. થોડી વાર થોભી જા. ભલે બજાર ઊઠી જતી. શિરડીમાંથી બહાર નીકળીશ નહિ.'' એ છતાં જવા માટેની તેની આતુરતા જોઈ બાબાએ કહ્યું, 'તો છેવટે શામાને સાથે તેડતો જજે.'' પણ તાત્યા તો આ સૂચના પણ અવગણીને એકદમ ટાંગો હંકારી ગયો. તાજો જ ત્રણસો રૂપિયાનો એક ઘોડો તેણે ખરીદેલો. તે ભારે તોફાની હતો. માર્ગમાં સાઈલના પછી ભયંકર ઝડપથી તે



દોડવા લાગ્યો. તેથી કેડે આંચકો લાગવાથી તે નીચે પડ્યો. તાત્યાને બહુ વાગ્યું તો નહિ પણ તે દિવસથી શ્રી સાઈબાબાની આજ્ઞા માથે ચડાવવાનું કદી ભૂલ્યા નથી. બીજું એક વાર કોલ્હાપુર ગામ જતાં જ્યારે બાબાની આજ્ઞા અવગણી હતી ત્યારે પણ તેમને આવો જ અકસ્માત નડ્યો હતો.

**યુરોપિયન ગૃહસ્થ :** નાનાસાહેબ ચાંદોરકરનો ભલામણપત્ર લઈને એક યુરોપિયન ગૃહસ્થ કોઈ હેતુસર શિરડી આવેલો ત્યારે બહાર તંબૂ ઠોકીને તેમાં સુખપૂર્વક ઉતર્યો હતો. મસીદમાં જઈ બાબાને સાષ્ટાંગ પ્રણામ કરી તેમના હાથને ચુમવાની તેની ઇચ્છા હતી. તેણે મસીદમાં પ્રવેશવા ત્રણ વાર પ્રયત્ન કર્યો પણ બાબાએ તે નિષ્ફળ બનાવ્યો અને છેવટે આંગણમાં બેસીને પોતાનાં દર્શન કરવા બાબાએ તેને આજ્ઞા કરી. તેથી નારાજ થઈ એકદમ શિરડી છોડીને ઉપડી જવાનો મનસૂબો કરી તેણે બાબાને સલામ કરી બાબાની વિદાય માટે રજા માગી. ત્યારે બાબાએ તેને કહ્યું: 'કાલે જજે. ઉતાવળો થા મા.' લોકોએ પણ બાબાની આજ્ઞા માનવાની વાત કહી પણ ટાંગામાં બેસી શિરડી છોડી ગયો. પ્રથમ તો ઘોડા ઠીક દોડતા હતા. પણ સાઈલના કૂવા પાસે એક સાઇકલ સામી મળી. તેને જોતાં જ ઘોડા ભડકયા અને ખૂબ વેગપૂર્વક દોડ્યા. એથી ટાંગો ઊંધો વળ્યો. પેલો ગૃહસ્થ હેઠો પડ્યો અને થોડેક સુધી ઘસડાયો. માણસોએ આવી તેને છૂટો તો કર્યો પણ થયેલી ઇજાની સારવાર માટે તેને કોપરગામની હૉસ્પિટલમાં કેટલોક સમય રોકાવું પડ્યું હતું. આવા અનુભવ ઘણાને થયા છે. તેથી લોકોએ મનમાં ચોક્કસ ગાંઠ જ વાળી હતી કે બાબાની આજ્ઞા કે સૂચનાની અવગણના કરનારા એક કે બીજા અકસ્માતનો ભોગ બન્યા વિના રહેતા નથી અને તેમની આજ્ઞા માથે ચડાવનારા સલામત અને સુખી થાય છે.

**ભિક્ષાની આવશ્યકતા :** હવે આપણે ભિક્ષાની કથા કહીશું. કેટલાક લોકોના મનમાં એવો પ્રશ્ન ઊઠે છે કે બાબા આવા મહાપુરુષ–ભગવાન જ હતા તો પછી જીવનભર તેમણે ભિક્ષા શા વાસ્તે માગી હતી ? આ પ્રશ્નનો વિચારીને ઉત્તર આપી શકાય : ૧) ભિક્ષા પર નિર્વાહ કરવાનો જેમને અધિકાર છે એવા લાયક પુરુષો કોણ ગણાય ? આપણાં શાસ્ત્રો તો કહે છે કે જેમણે ત્રણ

એષણા: ૧) પુત્રેષણા, ૨) વિત્તેષણા, ૩) લોકેષણાનો ત્યાગ કર્યો છે, તેમને જ આ અધિકાર છે. તેથી જ સંન્યાસીઓને ભિક્ષા પર નિર્વાહ કરવાનો અધિકાર છે અને તેમને ભોજન દેવાનો ધર્મ ગૃહસ્થીના માથે છે. સાઈબાબા ગૃહસ્થ નહોતા તેમજ વાનપ્રસ્થ પણ નહોતા. તે તો બ્રહ્મચારી સંન્યાસી હતા. બાળવયથી જ તે સંન્યાસી હતા. પોતે દઢપણે માનતા હતા કે આ વિશ્વ મારું ઘર છે અને એ પોતે જ વિશ્વંભર વાસુદેવ નિત્ય બ્રહ્મ છે. તેથી તેમને ભિક્ષાનો પૂરો અધિકાર હતો. ૨) હવે બીજુ દષ્ટિબિંદુ પાંચ પાપ તથા તેનાં પ્રાયશ્ચિત્ત શાસ્ત્રમાં કહ્યાં છે. દરેક જણ જાણે છે કે નિત્ય ભોજન તૈયાર કરતાં ગૃહસ્થીને પાંચ કર્મ કરવાં પડે છે: ૧) બાંડણિયો, ૨) ઘંટી, ૩) પણિયારું, ૪) સાવરણી, ૫) ચૂલો. આ દરેક કર્મમાં જીવજંતુની હિંસા થાય છે. તેથી ગૃહસ્થી નિત્ય પાપભાગી બને છે. એ પાપની નિવત્તિ-પ્રાયશ્ચિત્ત માટે આપણાં શાસ્ત્રોએ પાંચ યજ્ઞ બતાવ્યા છે : ૧) બ્રહ્મયજ્ઞ-વેદાધ્યયન, ૨) પિતૃયજ્ઞ, ૩) દેવયજ્ઞ, ૪) ભૂતયજ્ઞ, ૫) મનુષ્ય (અતિથિ)યજ્ઞ. શાસ્ત્રોએ બતાવેલા આ યજ્ઞો જો બરાબર થાય તો જ માનસિક પવિત્રતા આવે છે. તેથી જ્ઞાન તથા આત્મનિરીક્ષણ સહજસાધ્ય બને છે. આ દષ્ટિએ બાબા નિત્ય લોકોને ઘેર ઘેર ફરીને તેમના ધર્મની યાદ દેવડાવતા હતા અને લોકો પણ ઘેરબેઠાં જ બાબા પાસેથી આ વસ્તુનો લાભ મેળવવા ભાગ્યશાળી થતા હતા.

**ભકતોના અનુભવ :** હવે બીજી રસભરી કથા કહીએ. ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કે‘‘જે કોઈ મને ભક્તિપૂર્વક પત્ર-પુષ્પ-ફળ-જળ અર્પણ કરે છે તે પુણ્યવંત પુરુષની આ પવિત્ર વસ્તુઓ હું સ્વીકારું છું.’’ સાઈબાબાનો ભકત, બાબાને આવી કોઈ વસ્તુ અર્પણ કરવાનો સાચો સંકલ્પ કરીને પછી ભૂલી જતો તો બાબા પોતે તેને અગર તેના મિત્રને તે યાદ દેવડાવતા હતા અને તેની બાધા પૂરી કરાવતા હતા. પોતે તેનો સ્વીકાર કરી આશીર્વાદ આપતા હતા, જેનાં થોડાં દષ્ટાંત જોઈએ.

**તર્ખડ પિતાપુત્ર :** રામચંદ્ર આત્મારામ ઊર્ફે બાબાસાહેબ તર્ખડ પ્રથમ પ્રાર્થના-સમાજિસ્ટ હતા. પછી તે બાબાના પરમ ભકત બન્યા. તે બાંદ્રા-મુંબઈમાં રહેતા હતા. તેમની પત્ની તથા પુત્ર પણ બાબાનાં ભકત બની બાબા



પર ખૂબ ભાવ રાખતા હતા. એક વાર મે-વેકેશનમાં આ તર્ખડપુત્ર તથા તેની માતાએ શિરડી જઈને આખું વેકેશન ત્યાં જ રહેવું એમ નક્કી કર્યું પણ પુત્રના મનમાં થયું કે જો હું બાંદ્રાથી શિરડી જઈશ તો મારા પિતા પ્રાર્થના-પૂજન નહિ કરે. તેથી તેના પિતાએ સોગન ખાઈને કહ્યું: ‘હું બાબાનું પૂજન કરીશ.’ તેથી માતાને ગયાં એક શુક્રવારે સાષ્ટાંગ પ્રણામ કરીને તર્ખડ બોલ્યા: ‘‘હે બાબા, જેવું પૂજન મારો પુત્ર આપનું કરે છે તેવી જ પૂજા હું પણ કરવા માગું છું. પણ તેની પૂજનની વિધિની મને કશી ખબર નથી. માટે માફ કરશો.’’ એમ કહી તેમણે પૂજા કરી અને નૈવેદ્યમાં થોડા સાકરના ગાંગડા ધર્યા અને જમતી વેળા એ પ્રસાદ બધાને વહેંચી દીધો.

બીજે દહાડે અને રવિવારે પણ એમ જ પૂજા કરી. પણ સોમવારથી તર્ખડને નોકરી પર જવાનું હતું. પૂરી ખાતરી હતી. બીજે દિવસે મંગળવારે પણ નિયમ મુજબ તેમણે પૂજા કરી અને નોકરી પર સવારે ગયા. બપોરે ઘેર આવી જમવા બેઠા ત્યારે જોયું તો ભાણામાં નિત્યની જેમ સાકરના ગાંગડાનો પ્રસાદ નહોતો. રસોઇયાને પૂછ્યું તો તેણે કહ્યું કે ‘આજે તમે સાકરનું નૈવેદ્ય જ ધર્યું નથી. પૂજનમાં નૈવેદ્ય ધરાવવાનું જ તમે ભૂલી ગયા છો.’ એથી તર્ખડે ઊઠી છબી પાસે જઈ સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરી ક્ષમા માંગી અને સાથે બાબાને ઠપકો આપતા હોય તેમ કહ્યું કે ‘આપ એક રસમ પૂરતું આ પૂજનક્રિયાનું માર્ગદર્શન મને કેમ દેતા નથી ?’ એ પછી આ સર્વ હકીકતનો એક પત્ર તેણે શિરડી, પુત્ર પર લખ્યો અને એ પત્ર બાબાને ચરણે ધરી ભૂલ માટે બાબાની ક્ષમા માગવા સારુ પુત્રને લખી દીધું. આમ મંગળવારે બપોરે આ સર્વ બીના બાંદ્રામાં બની.

એ જ વખતે અહીં શિરડીમાં બપોરની આરતીની તૈયારી કરતા હતા ત્યાં જ બાબાએ શ્રીમતી તર્ખડને કહ્યું ‘‘મા, હું તારે બાંદ્રાના ઘરે ભોજન સારુ ગયો હતો. પણ બારણે તાળું હતું. છતાં ગમે તેમ કરી હું ઘરમાં તો પેઠો પણ ભાઈએ (તર્ખડે) મારા માટે કંઈ ખાવાનું રાખ્યું નહોતું. તેથી મારે ભૂખ્યા જ પાછા આવવું પડ્યું.’’ શ્રીમતી તર્ખડ આ વાતનો અર્થ કંઈ સમજ્યાં નહિ. પણ પાસે બેઠેલો પુત્ર બધું સમજી ગયો કે ઘેર બાંદ્રે પૂજનમાં કંઈક ગડબડ થયેલી

છે. તેથી તેણે ઘેર જવા સારું બાબાની રજા માગી. બાબાએ ના પાડી અને શિરડી જ રહીને પૂજન કરવાની આજ્ઞા કરી. તેથી પિતા પર કાગળ લખી શિરડીમાં બાબા પાસે થયેલી બધી વાત બાંદ્રા લખી મોકલી અને પૂજનમાં કશી ગફલત ન કરવા વિનંતી કરી.

આમ આ બંને પત્રો સામ-સામા એક જ દિવસે લખાયા અને દરેકને બીજે દહાડે એ પત્ર મળ્યા. આ અજાયબીભરી હકીકત જાણીને સૌ ભારે અચંબો પામ્યા.

**શ્રીમતી તર્ખડ :** હવે શ્રીમતી તર્ખડના પોતાના અનુભવની એક વાત કહું છું. એક વાર તેણે નૈવેદ્યમાં ત્રણ વસ્તુ ધરાવવાનો સંકલ્પ કર્યો :

૧. રીંગણાનું ભરતું ૨. રીંગણાના તળેલા કાપ ૩. લાડુ. બાબાએ તે સર્વનો કેવા પ્રેમથી સ્વીકાર કર્યો હતો તે સાંભળો.

બ્રાંદ્રાના બાબાના પરમ ભક્ત શ્રી રઘુવીર ભાસ્કર પુરંદરે સહકુટુંબ શિરડી જતા હતા. શ્રીમતી તર્ખડે શ્રીમતી પુરંદરેને ઘેર જઈ બે રીંગણ આપ્યાં ને કહ્યું, ''તમે શિરડી જાઓ છો તો આ એક રીંગણાનું ભરતું બનાવજો અને બીજા રીંગણાના કાપ કરીને તળીને બાબાને નૈવેદ્યમાં ધરજો.'' શ્રીમતી પુરંદરે શિરડી પહોંચી એક રીંગણાનું ભરતું બનાવી રકાબી લઈ મસીદમાં ગયાં. તે વખતે બાબા ભોજન કરવા બેસવાની તૈયારીમાં જ હતા. બાબાએ રકાબી લીધી. તેમણે એ સ્વાદદાર ભરતું સર્વને વહેંચી દીધું અને પછી કહ્યું: 'હવે મારે રીંગણાના કાપ જોઈએ છે. તેથી એક જણે રાધાકૃષ્ણમાઈ પાસે જઈ બાબા કાપ મંગાવે છે એમ કહ્યું. માતાજી આશ્ચર્ય પામ્યાં કે આ ઋતુ કંઈ રીંગણાની નથી છતાં કાપ કેમ મંગાવ્યા હશે ? રીંગણાં લાવવાં ક્યાંથી ? તેથી આજે રીંગણાનું ભરતું કોણ લાવ્યું હતું તેની તપાસ કરી ત્યારે શ્રીમતી પુરંદરેએ તે ધરાવ્યું હતું એમ ખબર પડી અને વધુ તપાસ કરતાં માલૂમ પડ્યું કે તેમને આ ભરતા જોડે કાપ પણ નૈવેદ્યમાં ધરવાનું કામ શ્રીમતી તર્ખડેએ સોંપ્યું હતું. એથી જ બાબાએ આ કાપની માંગણી કરી હતી. આમ બાબાની સર્વજ્ઞતાની આ વાત સાંભળી બધાં વિસ્મય પામ્યાં.



સને ૧૯૧૫ ના ડિસેમ્બર માસમાં બ્રાંદ્રાના શ્રી ગોવિંદ બાળારામ માનકરને પોતાના પિતાનું શ્રાદ્ધ શિરડી જઈને કરવાનું મન થયું. તેથી નીકળતાં અગાઉ તે શ્રી તર્ખડને મળ્યો. તે વખતે પણ બાબા સારું કંઈક નૈવેદ્ય મોકલવાની શ્રીમતી તર્ખડને ઇચ્છા થઈ. ઘરમાં ખૂબ તપાસ કરી પણ પૂજનમાં ધરેલા પેંડા સિવાય કોઈ વસ્તુ તેને હાથ લાગી નહિ. તેથી એ પેંડા જ તેને આપ્યા ને બાબા તેનો જરૂર સ્વીકાર કરશે એમ સંકલ્પ કર્યો. આ ગોવિંદને તો પિતાના મૃત્યુનો શોક હતો છતાં બાબા પરની ભારે પ્રેમભક્તિને લીધે આ પેંડા તો શિરડી લેતો ગયો. પણ બાબાનાં દર્શન કરવા તે મસીદમાં ગયો ત્યારે પોતાની જોડે એ પેંડા લેવાનું ભૂલી ગયો હતો. પણ બાબા તો તેની જ રાહ જોતા હતા. દર્શન કરી તે ઉતારે ગયો અને ફરીથી બપોરે મસીદમાં ગયો ત્યારે પણ પેંડા લઈ જવાનું ભૂલી ગયો અને ખાલી હાથે ગયો. હવે બાબાની ધીરજ ખૂટી. તેથી તરત જ બાબાએ તેને પૂછ્યું : ''તું મારા માટે શું લાવ્યો છે ?'' તેણે કહ્યું: ''કંઈ નહિ, બાબા.'' ત્યારે બાબાએ યાદ આપી સીધો જ પ્રશ્ન કર્યો કે ''તું અહીં આવવા નીકળ્યો ત્યારે તર્ખડમાજીએ મારા માટે કંઈ મીઠાઈ મોકલી નથી ?'' એ સાંભળતાં જ તેને પેલા પેંડા યાદ આવ્યા. તેથી તે શરમાયો અને બાબાની ક્ષમા માગી ઉતારા પર જઈ પેંડા લઈ આવી બાબાને આપ્યા. બાબાએ પેંડા હાથમાં લેતાં જ એ પેંડાના ટુકડા મોઢામાં મૂકી ગળે ઊતારી ગયા. આમ શ્રી સર્વજ્ઞ બાબાએ શ્રીમતી તર્ખડની ભક્તિની કદર કરી તેની ભેટનો સ્વીકાર કર્યો. ''કોઈ પણ માણસનો મારા પર જે ભાવ હોય તે હું અવશ્ય સ્વીકારું છું.'' ગીતા (૪૧૧) એ પ્રભુકથન બાબાએ દૃષ્ટાંત વડે સાબિત કર્યું.

**બાબા ધરાઈને કેમ ખવડાવતા ?** એક વખત શ્રીમતી તર્ખડ શિરડી એક મકાનમાં રહેતાં હતાં. બપોરે જમવાનું તૈયાર કરી નાખ્યું. પીરસ્યું તેવો જ એક ભૂખ્યો કૂતરો આવી ત્યાં રડવા લાગ્યો. શ્રીમતી તર્ખડે ઊઠીને રોટલાનું ચોથીલું તેને નાખ્યું. કૂતરો આનંદથી તે ખાઈ ગયો. સાંજના તે મસીદમાં ગયાં અને નમસ્કાર કરીને બેઠાં ત્યારે બાબાએ તેમને કહ્યું: ''માજી, આજે તમે મને ધરાઈને ખવડાવ્યું છે. મારા દુ:ખી પ્રાણને તમે સંતોષ્યા છે. સદા આમ જ કરજો. એથી તમારું કલ્યાણ થશે. આ મસીદમાં બેસીને હું જૂઠું બોલતો નથી.

તમે આમ જ મારા પર દયા કરજો. પ્રથમ ભૂખ્યાને રોટલો જમાડી પછી જ આરોગજો. આ વસ્તુ બરાબર યાદ રાખજો.'' પ્રથમ તો બાબાએ આ બધું શું કહ્યું તે જ એ સમજ્યાં નહિ. તેથી તેમણે તો ઉત્તર દીધો,''બાબા, હું આપને શું જમાડવાની હતી ? હું પોતે જ બીજાને ઘેર રહીને પૈસા આપી વીશીમાં જમું છું.'' ત્યારે બાબાએ ઉત્તર દીધો : ''આજે તમે ભાવથી દીધેલો રોટલો ખાઈને મારું પેટ ભર્યું છે. મને હજુ એના ઓડકાર આવે છે. તમે ભાણા પર બેસતાં હતાં ત્યારે જે રડતા ભૂખ્યા કૂતરાને ઊઠીને તમે જે પ્રમાણે જમાડ્યું તે અને તેની જેમ બિલાડાં-કૂતરાં-ગાય-માખી-મચ્છર એ સર્વ પ્રાણીઓ પણ મારાં જ રૂપ છે.એ સર્વ રૂપે હું રમણ કરું છું. જેઓ મને આ સર્વ પ્રાણીમાં જુએ છે તેઓ જ મને બહુ વહાલાં છે. માટે દ્વૈતભાવ તજીને આજે જેમ તમે મારી સેવા કરી છે તેવી જ સેવા સદા કરતાં રહેજો.'' અમૃત જેવી આ મીઠી વાતનો રસ પીતાં પીતાં શ્રીમતી તર્ખડની આંખમાંથી હર્ષનાં આંસુ વહેવા લાગ્યાં. તેમનો કંઠ ભરાઈ આવ્યો અને આનંદની સીમા રહી નહિ.

સાર : આ અધ્યાયનો સાર એ છે કે સર્વ પ્રાણીમાં મારું-પ્રભુનું દર્શન કરો. ઉપનિષદ, ગીતાજી, ભાગવત-એ સર્વ ગ્રંથોએ ભગવાનના દિવ્યસ્વરૂપનું દર્શન સર્વ પ્રાણીઓમાં કરવાનું કહ્યું છે. આ અધ્યાયમાં સંતે આપેલાં દષ્ટાંત વડે તેમજ એવાં બીજાં અસંખ્ય દષ્ટાંત દ્વારા બાબાએ ઉપનિષદ્‌ના શિક્ષણનો અમલ કેમ કરવો તે બરાબર આપણને સમજાવ્યું છે.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્ત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'શ્રી સર્વજ્ઞ સાઈનાથ'**
**નામ નવમો અધ્યાય: સંપૂર્ણ ।**
**શ્રી સદ્‌ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

# અધ્યાય ૧૦
# શ્રી સાઈ-સમર્થ-મહિમા

**શ્રી ગણેશાય નમ: । શ્રી સરસ્વત્યૈ નમ: । શ્રી ગુરુભ્યો નમ: ।
શ્રી કુલદેવતાયૈ નમ: । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમ: ।
શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમ: ।**

શ્રી સાઈબાબાનું સદા પ્રેમથી સ્મરણ કરજો. બાબા તો સર્વેનું કલ્યાણ કરવામાં જ નિમગ્ન રહેતા અને સદા આત્મનિમજ્જનમાં વસતા હતા. તેમના સ્મરણમાત્રથી જીવનમરણના પ્રશ્નો ઉકલી જાય છે. આ સાધન જ સૌથી સહેલું ને ઉત્તમ છે. કેમ કે તેમાં કંઈ જ ખર્ચ કરવો પડતો નથી. અલ્પ પ્રયાસે ભારે બદલો મળે છે. માટે દેહમાં પ્રાણ હોય ત્યાં સુધી હર પળે આ સાધનાને ચોંટી રહેજો. બીજા સર્વ દેવ તો ઇન્દ્રજાળ જેવા છે. આ સદ્‌ગુરુ જ સાચા ઈશ્વર છે. સદ્‌ગુરુના પવિત્ર પાદપદ્મમાં દૃઢ શ્રદ્ધા રાખશો તો અવશ્ય સદ્‌ભાગ્યનો ઉદય થશે. સદ્‌ગુરુની ભાવથી સેવા કર્યેથી સંસારસાગર તરી જવાય છે અને ન્યાય તથા મીમાંસા જેવા તત્ત્વજ્ઞાનના અઘરા ગ્રંથના અધ્યયનની પણ આપણને જરૂર પડતી નથી. જો સદ્‌ગુરુને સુકાની બનાવીએ તો આ સંસારનો કલેશમય સાગર સહજ પાર કરી શકાય છે. નદી અગર સમુદ્રને પાર કરવામાં આપણે જેમ સુકાનીનો ભરોસો કરવો પડે છે તેવી જ રીતે આ ભવસાગર તરવામાં આપણે સદ્‌ગુરુ પર શ્રદ્ધા રાખવી જોઈએ. ભકતોની ભક્તિ તથા તીવ્ર મનોવેગ પર જ સદ્‌ગુરુ જુએ છે અને તે જોઈને અખંડ સુખાનંદ તથા જ્ઞાન બક્ષે છે.

છેલ્લા અધ્યાયમાં બાબાની ભિક્ષા તથા ભકતોના અનુભવનાં વર્ણન આપ્યાં. હવે સાઈબાબા કયાં તથા કેમ રહેતા, કેમ સૂતા, કેમ બોધ દેતા હતા એ સર્વનું વર્ણન શ્રોતા પાસે કરું છું.

**બાબાનો અજબ ખાટલો :** પ્રથમ તો બાબા કયા સ્થળે, કેમ શયન કરતા હતા તે જોઈએ. તેમના શયન માટે ચારેક હાથ લાંબું અને એકાદ વેંત

પહોળું લાકડાનું પાટિયું શ્રી નાનાસાહેબ ડેંગળે લઈ આવ્યા. આ પાટિયું જમીન પર ગોઠવી તેના પર સૂવાને બદલે તેને જૂનાં ચીંદરડાં વડે બાબાએ હીંચકાની જેમ મસીદમાં પીઢિયાં જોડે બાંધ્યું. આ પાતળાં સડેલાં ચીંદરડાં પાટિયાનું જ વજન સહન કરી શકે કે કેમ એ જ પ્રશ્ન હતો. ત્યાં બાબાના દેહનું વજન તો તે કયાંથી ઉપાડી શકે ? પણ કોઈ અજબ કરામતને લીધે જ એ સડેલાં ચીંદરડાં પર પાટિયાનું તેમજ બાબાનું વજન બરાબર ટકી શકયું. આ પાટિયાના ચાર ખૂણે બાબા કોડિયામાં તેલ પૂરી વાટો મૂકી દીવા સળગાવીને મૂકતા અને એ દીવા આખી રાત જલતા હતા. આ પાટિયા પર બેઠેલા કે સૂતેલા બાબાનાં દર્શન તો દેવને પણ દુર્લભ છે. પાટિયાના આવા હીંચકા પર બાબા કઈ રીતે ચડતા-ઉતરતા તે જોવાનું લોકોને કુતૂહલ થતું પણ તેમાં કોઈ ફાવ્યું નથી. આ અજબ દર્શન માટે જ્યારે લોકોનાં ટોળાં એકઠાં થવા લાગ્યાં ત્યારે બાબાએ એ પાટિયું ભાંગી ટુકડા કરી ફેંકી દીધું. બાબા તો અષ્ટસિદ્ધિને વરેલા હતા. અલબત્ત તેમણે તેને માટે કોઈ સાધના કરી નથી કે તેની કશી ઝંખના કરી નથી. એમની પૂર્ણતાને પ્રતાપે જ આ સિદ્ધિઓ સ્વાભાવિક જ તેમને વરેલી હતી.

**બ્રહ્મનો સગુણ અવતાર :** શ્રી સાઈબાબા માત્ર સાડા ત્રણ હાથના દેહધારી હતા છતાં સર્વના હૃદયમાં તેમનો વાસ હતો. અંતરથી તો તે બેફિકર વૈરાગી જ હતા પણ બહારથી તે લોકકલ્યાણની ભાવના સેવતા હોય એમ લાગતું હતું. અંતરથી પોતે સંપૂર્ણ વૈરાગી હતા છતાં બહારથી ભક્તોના કલ્યાણની કામના પૂરતા દેખાતા હતા. અંદરથી પોતે શાંતિના ધામ હતા પણ બહારથી તે ભારે અસ્વસ્થ દેખાતા હતા. અંતરથી તો તે બ્રહ્મની સ્થિતિ પર પહોંચ્યા હતા પણ બહારથી તે કોઈવાર સંસારી જેવા દેખાતા હતા. અંતરથી તેમને અદ્વૈત પર જ સાચો પ્રેમ હતો પણ બહારથી તે આ સંસારમાં લુબ્ધ બનેલા દેખાતા હતા. કોઈ વાર પોતે લોકો પર પ્રેમદષ્ટિથી નિરખતા હતા તો કોઈ વાર તેમને પથ્થર ફેંકીને મારતા હતા. કોઈ વાર તેમને ગાળો દેતા તો કોઈ વાર તેમને પ્રેમથી ભેટતા હતા અને પછી શાંત સહનશીલ થઈને બેસતા હતા.



પોતે સદા આત્મામાં જ રમમાણ રહેતા હતા અને ભક્તો ઉપર સદા પ્રેમભાવ રાખતા હતા. એક જ આસન પર પોતે સદા બેસતા હતા. પ્રવાસ તો તેમણે કદી કર્યો જ નથી. તેમના હાથમાં સદા રહેતો પેલો સટકો-દંડૂકો જ તેમનો દંડ હતો. નિશ્ચિત બનીને જ તે સદા બેસતા હતા. તેમણે ધન કે કીર્તિની પરવા કદી કરી નથી અને ભિક્ષા પર જ સદા નિર્વાહ ચલાવ્યો છે. આવું સાદું જીવન તેમણે એકધારું ગાળ્યું છે. 'અલ્લાહ માલિક' શબ્દો જ સદા તેમની જીભ પર રમતા હતા. ભક્તો પરનો તેમનો પ્રેમ સદા અખંડ અને અજબ હતો. તે આત્મજ્ઞાનનો ભંડાર હતા અને દિવ્યાનંદની ખાણ હતા. શ્રી સાઈબાબાનું આવું દિવ્ય રૂપ હતું. સમગ્ર વિશ્વને આવરી લેતા અનંત, અખંડ, નિર્વિકલ્પ સિદ્ધાંતના લોકોને જ આ અમૂલ્ય રત્નનાં દર્શન થતાં હતાં. છતાં સાઈબાબાનું સાચું મૂલ્ય નહિ જાણનારા તેમને એક સામાન્ય માનવી જ ગણતા હતા. તેઓ ખરે જ કમભાગી હતા અને છે.

**તેમનો શિરડીમાં વાસ તથા સંભવિત જન્મતિથિ :** શ્રી સાઈબાબાનાં માતાપિતાની અગર તો તેમની જન્મતિથિની કોઈને ખબર નથી. એનું અનુમાન તો તેમના શિરડીના વાસ વડે જ કંઈક અંશે કરી શકાય છે. સૌપ્રથમ બાબા સોળ વર્ષની કુમારાવસ્થામાં પ્રગટ થયા અને ત્યાં ત્રણ વર્ષ રહ્યા. એ પછી કેટલાંક વર્ષ સુધી તે એકાએક અદશ્ય થયા. ત્યાર બાદ તેઓ ઔરંગાબાદ પાસે નિઝામ રાજ્યમાં જોવામાં આવ્યા. જયારે તે વીસેક વર્ષના હતા ત્યારે ચાંદ પાટીલની જાન જોડે પુન: શિરડી આવ્યા. એ પછી પોતે સતત સાઠ વર્ષ સુધી શિરડીમાં જ રહ્યા હતા અને સને ૧૯૧૮માં તેમણે મહાસમાધિ લીધી. આ ઉપરથી આપણે એટલું કહી શકીએ કે બાબાની જન્મતિથિ આશરે સને ૧૮૩૮ લગભગ હોવી જોઈએ.

**બાબાનું જીવનકાર્ય તથા બોધ :** સંત રામદાસ (સને ૧૬૦૮-૧૬૮૧) સત્તરમી સદીમાં થયા, જેમનું જીવનકાર્ય મુસ્લિમ ધર્માંધતાની સામે ગો-બ્રાહ્મણની રક્ષાનું હતું અને તે તેમણે પાર પાડ્યું. પણ એ પછીના બે સૈકા દરમ્યાન હિન્દુ-મુસ્લિમ એ બે કોમ વચ્ચે તંગદિલી વધી ગઈ, જેને ઘટાડવા

સારુ જ સાઈબાબા અવતર્યા હતા. પોતે તમામને સદા બોધતા હતા: ''હિન્દુના રામ તથા મુસ્લિમના રહીમ બન્ને એક જ છે. એ બે વચ્ચે કંઈ ભેદ નથી. તો પછી ભક્તો અંદર અંદર શા વાસ્તે લડી મરે છે ? હે અજ્ઞાની જનો ! તમે એકબીજાના હાથ મિલાવો અને બન્ને કોમમાં એકસંપ લાવો. ડાહ્યા થઈને ચાલશો તો જ દેશના ઐક્યનો હેતુ સહજ સરશે. દલીલબાજી કે કજિયા કરવાની કોઈ કામના નથી. એકબીજાને કદી ઉશ્કેરશો નહિ. તમારા કલ્યાણ તથા હિતનું જ સદા ચિંતન કરજો. પ્રભુ તમારું રક્ષણ કરશે. પ્રભુને પામવાનાં સાધન તો યોગ, યજ્ઞ, તપ તથા જ્ઞાન છે. તેમાં તમે નિષ્ફળ જશો તો તમારો ફેરો ફોગટ છે. કોઈ તમારું બૂરું કરે તો તેનો બદલો લેવા પ્રયત્ન કરશો નહિ. બને તો બીજાનું ભલું કરજો.'' શ્રી સાઈબાબાનો બોધ ટૂંકમાં આ પ્રકારનો હતો. ભૌતિક તેમજ દૈવિક-બન્ને ક્ષેત્રમાં તે સારી પ્રગતિ કરાવે છે.

**સદ્ગુરુ સાઈબાબા :** ગુરુ ગુરુ વચ્ચે ફેર છે. કેટલાક કહેવાતા ગુરુ હાથમાં મંજીરા લઈને, તંબૂરો લઈ ઘેર ઘેર આંટા દે છે અને ધાર્મિક ભાવનો દંભ કરે છે. શિષ્યોના કાનમાં મંત્ર ફૂંકે છે અને તેમનું ધન હરી જાય છે. શિષ્યોને પાવિત્ર્ય તથા ધર્મનો બોધ કરે છે પણ પોતે જ અપવિત્ર તથા ધર્મરહિત હોય છે. શ્રી સાઈબાબા પોતાની યોગ્યતા કે પાવિત્ર્યનો કદી દંભ કરતા નહિ. દેહાભિમાન તો તેમને હતું જ નહિ. શિષ્યો પર ખૂબ પ્રેમ રાખતા. ગુરુ બે પ્રકારના છે: ૧) નિયત (ચોક્કસ) ૨) અનિયત (સામાન્ય). આ અનિયત (સામાન્ય) ગુરુ બોધ દ્વારા શિષ્યને ઉન્નત કરે છે તેનું અંતઃકરણ પવિત્ર કરે છે અને તેને મુક્તિના માર્ગે દોરી જાય છે. 'તત્ત્વમસિ'નો સાચો અર્થ સમજાતાં શિષ્ય પણ એકત્વને પામે છે. વિવિધ ગુરુ વિવિધ પ્રકારનું સંસારી જ્ઞાન આપણને દે છે. પણ જે ગુરુ આત્મમાં સ્થિત કરે તથા સંસારસાગરની પાર લઈ જાય તે જ સાચા સદ્ગુરુ છે. શ્રી સાઈબાબા આવા સદ્ગુરુ હતા. એમની મહત્તા વર્ણવી જાય તેમ નથી. તેમના દર્શનાર્થે જનારને બાબા પાસેથી ભૂત-વર્તમાન તથા ભવિષ્યની સર્વ માહિતી સહજ મળી જતી. બાબા પ્રાણીમાત્રમાં ઈશ્વર-દર્શન કરતા હતા. સંપત્તિવિપત્તિ તેમને મન સમાન હતી.



તેમના દિલમાં શંકા તો કદી ઊઠતી જ નહિ. દેહી બનીને કાર્ય કરતા હતા છતાં તેમને દેહનો કે વાસનાનો મુદ્દલ મોહ નહોતો. પોતે દેહધારી હતા છતાં ખરી રીતે તેઓ જીવનમુક્ત જ હતા.

જે લોકો શ્રી સાઈબાબાને જીવનમુક્ત ગણીને તેમનું પૂજન કરતા હતા તેમને ધન્ય છે ! ખાતાં, પીતાં, ઊઠતાં-બેસતાં, ઘેર કે ખેતરમાં કામ કરતાં શિરડીના જે લોકો સદા બાબાનું જ સ્મરણ કરતા તથા તેમનાં ગુણગાન કરતા હતા તેમને ધન્ય છે ! શ્રી સાઈબાબા સિવાય તેમને અન્ય કોઈ દેવ નહોતા. શિરીડીની સ્ત્રીઓનાં પ્રેમ તથા તેની મીઠાશની હું શી વાત કરું ! આ બાઈઓ તદ્દન અભણ હતી છતાં બાબા પરના પ્રેમને લીધે સાદી ગામઠી ભાષામાં બાબાનાં જોડકણાં રચીને ગાતી હતી. તેઓ કંઈ ભણી નહોતી, છતાં તેમનાં સાદાં ગીતોમાં સાચી કવિતાના અંશ હતા. આવી સાદી કવિતા બુદ્ધિને લીધે નહિ પણ પ્રેમને લઈને જ સ્ફુરે છે. સાચી કવિતા સત્ય-સ્નેહનું દર્શન કરાવે છે. બુદ્ધિશાળી શ્રોતા તે સમજી શકે છે. આ લોકગીતોનો સંગ્રહ કરવા જેવો છે અને બાબાની ઇચ્છા હશે તો કોઈ ભાગ્યવંત ભકત આ લોકગીત એકત્ર કરી તેના પ્રકાશનનું કામ પણ માથે લેશે અને સાઈબાબા માસિકમાં કે સ્વતંત્ર પુસ્તકકારે તે પ્રગટ કરશે.

**બાબાની નમ્રતા :** ભગવાનના મુખ્ય છ ગુણ કહ્યા છે : ૧) કીર્તિ, ૨) ધન, ૩) વૈરાગ્ય, ૪) જ્ઞાન, ૫) ઐશ્વર્ય, ૬) ઉદારતા. શ્રી સાઈબાબામાં આ છ યે ગુણ હતા. ભકતોના અર્થે જ તેમનો અવતાર થયો હતો. બાબાની દયા તથા કૃપા અજબ હતી. તેને લીધે જ ભકતોનું તેમના તરફ આકર્ષણ થતું હતું. નહિતર ન કહી શકે તેવા શબ્દો બાબા પોતાના ભકતો માટે વાપરતા હતા. તેનું એક દૃષ્ટાંત આપું : બાબા એક વાર ખૂબ નમ્રતાથી બોલ્યા : ''હું તો તમારા દાસનો દાસ છું. તમારો ઋણી છું. તમારા દર્શનથી હું તૃપ્ત થયો છું. તમારા ચરણના દર્શનને જ હું મોટી કૃપા સમજું છું. હું તો તમારા મળનો માત્ર એક કીડો છું. એમ માનીને જ હું મારી જાતને ભાગ્યવંત ગણું છું.'' આ કેટલાં, નમ્રતાભર્યાં વચન છે ? આ વાત અહીં આપીને સાઈબાબાની લઘુતા હું દર્શાવું

છું એવું જો કોઈને લાગે તો હું બાબાની ક્ષમા માગી લઉં છું અને તેના પ્રાયશ્ચિત્તરુપે બાબાનું નામસ્મરણ કરીને હું તેમના ગુણગાન જ કરું છું.

બહારથી શ્રી બાબા આંખ-કાન-જીભ ઇત્યાદિનું ઇન્દ્રિયસુખ ભોગવતા દેખાતા હતા, છતાં અંતરથી એ કોઈ સુખની ગંધ સરખી તેમને નહોતી અગર તો તેમને એ સુખભોગનું કદાપિ ભાન પણ નહોતું. પોતે જમતા હતા છતાં સ્વાદ નહોતો. આંખ વડે પોતે જોતા હતા, છતાં તેમાં મુદ્દલ રસ નહોતો. કામભાવની બાબતમાં તો પોતે હનુમાનજી જેવા પૂર્ણ બ્રહ્મચારી હતા. કોઈ વસ્તુ પર તેમને રાગ જ નહોતો. પોતે પવિત્ર ભાવમય હતા. ટૂંકામાં તે પૂર્ણ, મુક્ત, વૈરાગી હતા. આ બાબતનું એક અજબ દૃષ્ટાંત આપું:

**નાનાવલ્લી :** શિરડીમાં નાનાવલ્લી નામે એક ભારે વિચિત્ર માણસ રહેતો હતો. બાબાની રહેણીકરણી પર તે નજર રાખ્યા કરતો. એક વાર બાબા પાસે મસીદમાં આવ્યો. બાબા ગાદી પર બેઠા હતા. તેણે બાબાને કહ્યું : ''મારે આ ગાદી પર બેસવું છે. તું ઊભો થા.'' બાબાએ ઊભા થઈ ગાદી ખાલી કરી આપી. પેલો એ ગાદી પર બેઠો. થોડી વાર બેસીને તે ઊઠી ગયો અને બાબાને એ ગાદી પર બેસવા ફરમાવ્યું. એથી બાબા ગાદી પર બેઠા. ત્યારે આ નાનાવલ્લી બાબાના પગમાં પડ્યો અને ચરણરજ લઈ ચાલ્યો ગયો. આમ બાબા આવા માણસો પર પણ કિંચિત ક્રોધ દર્શાવતા નહોતા.

આ નાનાવલ્લીનો સાઈબાબા પર એટલો બધો પ્રેમ હતો કે બાબાએ મહાસમાધિ લીધા પછી તેરમે જ દહાડે તેણે પણ દેહ છોડી દીધો હતો.

**સૌથી સરળ માર્ગ :** સંતોનો સત્સંગ, કદી તેમની વાતોનું ધ્યાનથી શ્રવણ કરવાથી ભારે લાભ થાય છે.

બહારથી તો બાબા સામાન્ય માણસની જેમ વર્તન રાખતા હતા, છતાં તેમનાં કામ અદ્ભુત બુદ્ધિવૈભવયુક્ત હતાં. પોતે જે કંઈ કરતા હતા તે ભક્તોના કલ્યાણ અર્થે જ કરતા હતા. પોતે કોઈને આસન, પ્રાણાયામ કે એવી કોઈ વિધિ બતાવતા નહોતા. અગર કોઈના કાનમાં મંત્ર પણ ફૂંકતા નહોતા. તે ઘણી



વાર કહેતા હતા : ''બધી હોશિયારી છોડી દેજો. સદા 'સાઈ, સાઈ' નામનું રટણ કરજો. એથી તમારાં બંધન તૂટી જશે અને મુક્ત બનશો.'' પંચાગ્નિ, યજ્ઞ, જપ, અષ્ટાંગયોગ એ સર્વ તો માત્ર બ્રાહ્મણો માટે છે. અન્ય વર્ણને તે કંઈ કામનાં નથી. મનનો ધર્મ સંકલ્પવિકલ્પનો છે. તે વિના એક ક્ષણ પણ તે નવરું બેસતું નથી. તેને કોઈ ઇન્દ્રિય-ભોગનો પદાર્થ આપો તો તે તેના પર સંકલ્પવિકલ્પ દોડાવશે. જો તેને તમે ગુરુ આપો તો ગુરુ વિષે વિચારવા લાગશે. શ્રી સાઈબાબાની ભવ્યતા તથા મહત્તાનું તમે ખૂબ ધ્યાનથી શ્રવણ કર્યું છે. તેને જ સાઈબાબાનું સ્વાભાવિક સ્મરણપૂજન-કીર્તન ગણજો. સંતની કથાનું શ્રવણ એ કંઈ ઉપર કહેલાં સાધન જેવું કઠણ નથી. તેમની કથા આ સંસારના ભય નિવારે છે તથા શ્રોતાને ભક્તિના માર્ગે વાળે છે. માટે આ કથાનું શ્રવણ કરજો, મનન કરજો તથા નિદિધ્યાસન કરજો. એ પ્રમાણે કરવાથી માત્ર એકલા બ્રાહ્મણ જ નહિ પણ સ્ત્રીઓ તથા અન્ય વર્ણના લોકો પણ પવિત્ર ધર્મપ્રેમી બનશે. સંસારના ધર્મ બજાવતાં બજાવતાં પણ તમે શ્રી સાઈબાબાનાં કથાશ્રવણ તથા સાઈ-નામજપ કરશો તો બાબા નક્કી તમને સુખી કરશે. આ માર્ગ આટલો સરળ છે છતાં શા માટે લોકો એ માર્ગ પકડતાં નથી ? તેનું કારણ તો માત્ર એટલું જ લાગે છે કે ઈશ્વરની દયા વિના સંતશ્રવણમાં પણ આપણને પ્રીતિ થતી નથી. ઈશ્વરની દયા હોય તો જ બધું સરળ બને છે. સંતની કથાનું શ્રવણ તેમના સત્સંગ સમાન છે. સંતના સત્સંગનું મહત્ત્વ ભારે છે. એથી દેહાભિમાન તથા અહંત્વનો નાશ થાય છે અને જન્મ-મરણનું બંધન તૂટી જાય છે. હૃદયની ગાંઠો છેદાઈ જાય છે અને પવિત્ર આત્મદર્શનરૂપ ભગવાન પાસે તે દોરી જાય છે. તેથી સંસારી પદાર્થ પરથી ભાવ વિરમતાંને વૈરાગ્યમાં વૃદ્ધિ થાય છે અને સુખ-દુ:ખ પ્રત્યે સાવ નિષ્કામ બનાય છે. દૈવી પંથ પર પ્રગતિ સધાય છે. જો તમારાથી ભગવાનનું નામસ્મરણ, પૂજન, ભક્તિ જેવું કોઈ સાધન ન થઈ શકે તો તમે સંતજનનો આશ્રય સ્વીકારજો. તેથી તમે ચોક્કસ ભવસાગર તરી જશો. સંતો એ હેતુથી જ અવતરે છે. જગતનાં પાપ ધોનારી ગંગા, ગોદાવરી, કૃષ્ણા, કાવેરી જેવી પવિત્ર નદીઓ પણ એવી ઇચ્છા કરે કે સંતો અમારા તીરે આવીને સ્નાન કરે અને અમને પવિત્ર કરે. સંતોનો આવો મહિમા છે. આપણા

*પૂર્વજન્મના પુણ્યભંડારને લીધે જ આપણે શ્રી સાઈબાબાના ચરણારવિંદને પામ્યા છીએ.*

*શ્રી સાઈબાબાની મૂર્તિનું ધ્યાન કરીને આપણે આ અધ્યાય સમાપ્ત કરીએ. મસીદના છેડે ઊભેલા સુંદર રૂપાળા સાઈબાબા દરેક ભકતના કલ્યાણ અર્થે ઉદી વહેંચતા દેખાય છે અને આ સંસાર મિથ્યા છે એમ માની બાબાના પરમ ભકત છે. આવા આપણા બાબાને આપણે સૌ નમ્ર ભાવે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ.*

***સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભકત હેમાડપંત વિરચિતે***
***શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'શ્રી સાઈસમર્થ મહિમા'***
***નામ દશમો અધ્યાય: સંપૂર્ણ ।***
***શ્રી સદ્‌ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।***

# અધ્યાય ૧૧
## શ્રી સાઈ-મહિમાવર્ણન

***શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ । શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ । શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।***

*હવે આ અધ્યાયમાં સગુણ બ્રહ્મ સાઈના અવતારનું વર્ણન કરીશું. પંચતત્ત્વ પરના તેના કાબૂનું પણ વર્ણન આપશું.*

***સગુણ બ્રહ્મ સાઈ :*** *ઈશ્વર અથવા બ્રહ્મનાં બે રૂપ છે : ૧) નિર્ગુણ, ૨) સગુણ. આમાં નિર્ગુણને તો કોઈ આકાર નથી પણ સગુણને આકાર-રૂપ છે. આ બન્ને બ્રહ્મદર્શક જ છે. ગીતામાં સગુણનું પૂજન સહેલું તથા પસંદ કરવા-યોગ્ય કહ્યું છે. માનવીને પોતાને દેહ તથા ઇન્દ્રિયો છે. તેથી જ તેને સગુણ પ્રભુનું પૂજન સરળ-સહજ લાગે છે. ચોક્કસ સમય સુધી સગુણનું પૂજન આપણે ન કરીએ તો આપણાં પ્રેમભક્તિ ખીલતાં નથી. જેમ જેમ પ્રગતિ થતી જાય તેમ નિર્ગુણ બ્રહ્મનાં પૂજનધ્યાન પ્રત્યે જ આપણે વળતા જઈએ છીએ. માટે જ પ્રારંભમાં આપણે સગુણ રૂપનું જ પૂજન કરીશું. મૂર્તિ, યજ્ઞદંડ, અગ્નિ, દીપ, સૂર્ય, જળ તથા બ્રાહ્મણ એ સાત પૂજનના પદાર્થ ગણાય છે. પણ આ સૌમાં સદ્‌ગુરુ વિશેષ પૂજ્ય છે. આ પ્રસંગે આપણે શ્રી સાઈની મૂર્તિનું હૃદયમાં ધ્યાન ધરીએ. તે વૈરાગ્યની મૂર્તિ હતા અને તેમના પરમ ભકતોના આશ્રયસ્થાન હતા. તેમનાં વચનોમાં શ્રદ્ધા એ જ તેમનું આસન છે. આપણી સર્વ કામનાનો ત્યાગ એ જ આપણો સંકલ્પ છે. કોઈ કહે છે કે શ્રી સાઈ ભાગવતભકત હતા તો કોઈ કહે છે કે તે મહા ભાગવત, મહાન ભકત હતા. પણ આપણે મન તો તે ઈશ્વરનો અવતાર જ હતા. તો સાદાસીધા, નમ્ર, દયાળુ, ક્ષમાશીલ, શાંત, સહનશીલ, સંતોષી હતા. તે દેહધારી હતા, છતાં ખરી રીતે, અમૂર્ત હતા. વૈરાગ્યવાન, નિશ્ચલ, અંતરથી મુકત હતા. જેમ સમુદ્રને મળવા જતાં ગંગાજી, માર્ગમાં તાપથી કષ્ટ પામતાં પ્રાણીઓને શીતળતા તથા શાન્તિ*

દે છે, વૃક્ષવનરાજીને નવું જીવન આપે છે તથા અનેકની તૃષા છીપાવે છે એ જ પ્રમાણે સાઈબાબા જેવા સંતો પોતાના જીવનકાળ દરમ્યાન પાર વિનાના જીવોને સુખ તથા શાન્તિ દે છે. શ્રીકૃષ્ણે કહ્યું છે કે 'સંત મારો આત્મા છે. મારી જીવંત મૂર્તિ છે. હું તેના રૂપ છું અને તે મારું પવિત્ર રૂપ છે.'' ભગવાનની આવી અકથ્ય શક્તિ સચ્ચિદાનંદનો જ શિરડીમાં શ્રી સાઈબાબા રૂપે અવતાર થયો હતો. શ્રુતિતૈતિરીય ઉપનિષદ્‌માં બ્રહ્મનું આનંદરૂપ વર્ણન છે. ગ્રંથોમાં નિત્ય આવું વાંચીએ તથા શ્રવણ કરીએ છીએ. પણ શિરડીમાં આવા સાક્ષાત્ બ્રહ્મ અર્થાત્ આનંદરૂપનું દર્શન ભક્તોને થયું છે. સૌના આધારરૂપ બાબાને અન્યના આધારની જરૂર જ નહોતી. સદા ગુણપાટના ટુકડાનું તેમનું આસન હતું, જે પર ભક્તોએ સુંદર ગાદી પાથરી આપી હતી અને અઢેલવા સારુ પીઠ પાસે તકિયો મૂકયો હતો. ભક્તોના ભાવની બાબા કદર કરતા અને તેમની ઇચ્છા મુજબ પૂજન થવા દેતા હતા. કોઈ ચામર ઢોળતા તો કોઈ પંખો નાંખતા હતા. કોઈ તેમને ચંદન તથા અત્તર લગાડતા તો કોઈ પાન-સોપારી ધરતા હતા. તો અન્ય ભક્તો તેમને નૈવેદ્ય ધરાવતા હતા. બાબા શિરડીમાં વસતા છતાં પોતે સર્વવ્યાપક છે એમ લાગતું હતું અને ભક્તોને આ સર્વવ્યાપકત્વના અનુભવ નિત્ય થતા હતા. આ સર્વવ્યાપક સદ્‌ગુરુને સાષ્ટાંગ પ્રણામ કરીએ.

**ડૉ. પંડિતનું પૂજન :** તાત્યાસાહેબ નુલકરના એક મિત્ર ડૉ. પંડિત, બાબાના દર્શનાર્થે એકવાર શિરડી આવ્યા હતા. તે કાકા પુરાણિક નામે ધોપેશ્વરના રઘુનાથ મહારાજના શિષ્ય હતા. બાબાને નમસ્કાર કરી તે થોડીવાર મસીદમાં બેઠા. બાબાએ તેને દાદાભટ કેળકર પાસે મોકલ્યા અને તે દાદાભટ પાસે ગયા, જેમણે તેમનું સારું સન્માન કર્યું. દાદાભટ ઘેરથી મસીદમાં બાબાની પૂજા કરવા ગયા ત્યારે ડૉ. પંડિતને પણ તેમણે સાથે લીધા. દાદાભટે બાબાનું પૂજન કર્યું ત્યાં લગી બાબાના કપાળે ચંદનનો લેપ કરવાની કોઈની હિંમત ચાલતી નહિ. એકલા મહાળસાપતિ જ એમના કપાળે બાબાને ચંદનનો લેપ કરી શકતા હતા. પણ આ સરળહૃદયી ડૉ. પંડિતે દાદાભટના પૂજનના થાળમાંથી ચંદનની વાટકી ઉપાડી બાબાના કપાળમાં ચંદનનું ત્રિપુંડ્ર કર્યું. એ વેળા બાબા એક શબ્દ પણ ન બોલ્યા. એથી સર્વે અચંબો પામ્યા. તે



દિવસ સાંજના દાદાભટે બાબાને પૂછ્યું ''દેવ ! આપ કોઈને ચંદનનો લેપ કપાળમાં કદી કરવા દેતા નથી. પણ આજે સવારે ડૉ. પંડિતને કેમ ત્રિપુંડ્ર કરવા દીધું હતું ?'' બાબાએ ઉત્તર દીધો: ''પંડિતે મને પોતાના ગુરુરૂપ માનીને મારું પૂજન કર્યું. જેમ તે નિત્ય ગુરુની પૂજા કરતાં તેના કપાળે ચંદનનું ત્રિપુંડ્ર કરે છે તેમ જ તેણે મારા કપાળ પર ત્રિપુંડ્ર કર્યું. તેથી જ મેં કશો વિરોધ ન કર્યો.'' અને ડૉ. પંડિતે પણ દાદાભટને કહ્યું: ''બાબાને હું મારા ગુરુ પુરાણિક જ લેખું છું અને મને દર્શન પણ તેવું જ થયું. તેથી જ જેમ મારા ગુરુને કપાળે ત્રિપુંડ્ર કરું છું તેમ મેં બાબાને કપાળે પણ ત્રિપુંડ્ર કર્યું હતું.''

આમ બાબા ભક્તોને યથેચ્છ પૂજા કરવા દેતા હતા, છતાં કોઈ વાર તે વિચિત્ર વર્તન પણ દેખાડતા હતા. કોઈવાર પૂજનનો થાળ જ ઉપાડીને ફેંકી દેતા અને રુદ્રાવતાર ધારણ કરતા હતા. તે વખતે તેમની પાસે કોઈ જઈ શકતું નહિ. કોઈ વાર ભક્તોને ગાળો દેતા તો કોઈવાર શાંતિ તથા ક્ષમાની મૂર્તિસમા મીણથી પણ મૃદુ દેખાતા હતા. બહારથી ક્રોધિત બની લાલચોળ આંખો કરી ક્રોધથી ફફડી ઊઠતા દેખાતા હતા છતાં તેમના અંતરમાં ભક્તને બોલાવીને કહેતા, ''જો ભાઈ, મારા ભક્ત પર ક્રોધ કર્યાની મને ખબર જ નથી. સાગર, નદીને આવતી પાછી વાળે અગર મા પોતાના બાળકને લાત મારે એ સંભવિત બને તો જ હું મારા ભક્તોના કલ્યાણ પ્રત્યે બેપરવા બની શકું. હું તો મારા ભક્તોનો દાસ છું. તેઓ મને બોલાવે કે તરત જ હું હાજર થઈ તેમના પડખે જ ઊભું છું. સદા તેમનો પ્રેમ ઝંખું છું.''

**હાજી સીદિક ફાળકે :** ભક્તનો સ્વીકાર બાબા કયારે કરશે તેની કોઈને ખબર પડતી નહિ.બાબાની મરજી પર જ તેનો આધાર હતો. સીદિક ફાળકેની કથા જ તેનું દૃષ્ટાંત છે. કલ્યાણના સીદિક ફાળકે નામે એક મુસ્લિમ ગૃહસ્થ મક્કા-મદીનાની હજ કરીને શિરડી આવ્યા. ઉત્તરાભિમુખની ચાવડીમાં તે રહેતા અને મસીદની ફળીમાં બેસતા. બાબાએ નવ માસ સુધી તેના પર ધ્યાન જ આપ્યું નહિ. તેને મસીદનાં પગથિયાં પણ ચડવા દીધાં નહિ. એથી તે નિરાશ થયા અને શું કરવું તે તેને સૂઝતું નહોતું. એક જણે તેને કહ્યું : ''તમે નિરાશ ન થાઓ. બાબાના પરમ અંતરંગ ભક્ત શામાની મારફત બાબા સુધી

પહોંચવાનો તમે પ્રયત્ન કરો. જો શિવજીને મળવું હોય તો પ્રથમ મહાદેવના સેવક નંદીને મળ્યા પછી તેની મારફત શિવજી સુધી પહોંચી શકાય છે. તેમ તમે શામા મારફત બાબા પાસે પહોંચો.'' આ વાત ફાળકેને ગમી અને તેણે બાબા પાસે પોતાની શિફારસ કરવા શામાને વિનંતી કરી. શામા કબૂલ થયા. અનુકૂળ તક જોઈને તેમણે ફાળકે માટે બાબાને વાત કરી,: ''દેવ ! આપ વૃદ્ધ હાજીને મસીદનાં પગથિયાં કેમ ચડવા દેતા નથી ? બીજાં બધાં તો ફાવે તેમ આવે છે અને આપનાં દર્શન કરી જાય છે. આપ આ હાજીને એક વાર પણ આશીર્વાદ દેતા નથી ?'' ત્યારે બાબાએ ઉત્તર દીધો, ''શામા ! સાચી વસ્તુ સમજવા જેવડો મોટો તું થયો નથી. જો ફકીર અલ્લા જ ના પાડે છે તો પછી હું શું કરું ? તેની કૃપા વિના આ મસીદમાં પગથિયાં કોણ ચડી શકે તેમ છે ? ઠીક છે જા, તેને પૂછજે કે બર્વી કૂવા પાસેની સાંકડી કેડી પર થઈને આવવા તે તૈયાર છે?'' શામા ફાળકે પાસે જઈ આ વાતની હા પડાવીને પાછા આવ્યા. એટલે પુન: બાબાએ શામાને કહ્યું :''તેને પૂછી આવ કે ચાર હપ્તે ચાર હજાર ભરવા તે તૈયાર છે ?'' વળી શામાએ જઈને તેને પૂછ્યું ત્યારે તેણે કહ્યું: ''હું તો ચાળીસ લાખ ભરવા તૈયાર છું.'' શામા તેનો ઉત્તર લઈ આવ્યો ને બાબાને એ વાત કરી. ત્યારે બાબા બોલ્યા: ''આપણે આ જ મસીદમાં એક બકરો હલાલ કરવાનો છે. જા જઈને તેને પૂછી આવ કે તે બકરાનું માંસ, બૂધું કે અંડ-શું લેવા તૈયાર છે?'' ત્યારે વળી શામા તેને પૂછી ઉત્તર લઈને આવ્યા અને બાબાને કહ્યું : ''દેવ, હાજી તો આપના કોલંબા (શકોરા)માંથી ઝીણી કરચ ખાવા મળે તેટલાથી પણ રાજી છે.'' એ સાંભળી બાબા ખિજાયા અને ત્યાં પડેલી માટલી, શકોરું ઇત્યાદિ ફેંકી દઈને સીધા જ એ હાજી પાસે ગયા અને પોતાની કફની હાથ વડે ઊંચી કરતાં તે બોલ્યા: ''શું તું બહુ મોટો છે એમ માને છે ? શું તું એવી બડાઈ હાંકવા લાગ્યો છે કે હું મોટો હાજી બની ગયો છું ? તને આની જેમ કુરાન વાંચતાં આવડે છે ?'' આ ઠપકો સાંભળતાં હાજી તો મુંઝાઈ ગયો. એ પછી બાબા મસીદમાં આવ્યા અને કેરીના થોડા ટોપલા વેચાતા લઈ હાજીને મોકલ્યા અને પુન: બાબા હાજી પાસે આવ્યા અને પોતાના ખિસ્સામાંથી પંચાવન રૂપિયા કાઢીને હાજીના હાથમાં મૂક્યા. તે દિવસથી હાજી ઉપર બાબાનો ભાવ થયો. સાથે ભોજન માટે બાબા તેને ઉપર



બોલાવતા હતા અને હાજી પણ મરજી પડે ત્યારે મસીદમાં આવી શકતા હતા. કોઈ વાર બાબા તેને થોડા રૂપિયા પણ દેતા હતા. આમ બાબાના દરબારમાં પ્રવેશવાનો હક્ક એ હાજીને મળ્યો.

પંચ-તત્ત્વો પર બાબાના કાબૂની બે કથા આપીને આ અધ્યાય સમાપ્ત કરીએ:

૧) એક વાર સાંજે શિરડીમાં ભયંકર વાવાઝોડું થયું. આકાશ કાળાં વાદળાંથી ઘેરાઈ ગયું. પવન જોરથી વહેવા લાગ્યો. વાદળાંના ભયંકર ગડગડાટ સાથે વીજળી ચમકવા લાગી અને ધોધમાર વરસાદ પડવા મંડ્યો. થોડી વારમાં બધે પાણી પાણી થઈ ગયું. એથી પંખી, જાનવર, માણસો બધાં ફફડી ઊઠ્યાં અને સૌ આશ્રય શોધતાં મસીદમાં ટોળે વળ્યાં. શિરડીમાં સ્થાનિક દેવતા તો ઘણા છે, પણ કોઈએ તેમની મદદ માગી નહિ. એ સૌએ તો પોતાના આરાધનાના દેવ સાઈબાબાને જ આ તોફાન શમાવવા પ્રાર્થના કરી. બાબાને દયા આવી. પોતે બહાર આવી મસીદને ખૂણે ઊભા રહી ઉચ્ચ સ્વરથી વાવાઝોડાને સંબોધીને કહેવા લાગ્યા : 'હવે તમારો કોપ શમાવો-શમાવો અને શાંત થાઓ.'' થોડી જ વારમાં વરસાદ ધીમો પડી અટકી ગયો. પવન વહેતો બંધ થયો. તોફાન શમી ગયું. આકાશ સ્વચ્છ થયું અને ચંદ્રમા ઊગ્યો. લોકો રાજી થઈને ઘેર ગયા.

૨) એક બીજા પ્રસંગે બપોરે ધૂણીમાં ભડભડાટ તાપ બળતો હતો. ભડકા ઊંચે ચડી ઠેઠ પાટડી સુધી પહોંચ્યા. હવે શું કરવું એ ત્યાં બેઠેલા લોકોને સૂઝતું નહોતું. આ ભડકા નીચે બેસાડવા કે તેના પર પાણી છાંટવાનું બાબાને કહેવાની કોઈની હિંમત ચાલતી નહોતી. પણ બાબા તો આ વસ્તુ તરત સમજી ગયા. તેમણે પોતાનો સટકો-દંડૂકો હાથમાં લઈ સામેની થાંભલી જોડે અફાળીને કહ્યું: ''નીચે બેસી જા. શાંત થા.'' અને દંડૂકાના દરેક ફટકે ભડકા નીચે બેસવા લાગ્યા અને ધીમા પડી ગયા. થોડી જ વારમાં ધૂણી નિત્યની માફક શાંત થઈ બળવા લાગી.

આ આપણા શ્રી સાઈ ઈશ્વરનો અવતાર છે. તેમના ચરણમાં પડી તેમનું શરણું સ્વીકારનારને તે સુખી કરે છે. જે લોકો શ્રદ્ધા-ભક્તિથી આ અધ્યાયની

*કથા વાંચશે તેનાં સર્વ દુ:ખોનું શમન થશે. એટલું જ નહિ પણ નિત્ય સાઈ-ભક્તિમાં જ મગ્ન રહેનાર ભક્તો તો સત્વર ઈશ્વર-સાક્ષાત્કાર પામશે. તેમની સર્વ મનોકામના પૂર્ણ થશે અને છેવટે કામનારહિત બની પરમ પદને પામશે.*

***સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્ત હેમાડપંતવિરચિતે***
***શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'શ્રી સાઈસમર્થ મહિમાવર્ણન'***
***નામ અગિયારમો અધ્યાય: સંપૂર્ણ ।***
***શ્રી સદ્ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।***

# અધ્યાય ૧૨
## શ્રી સંત ઘોલપ-રામદર્શન

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।
શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।
શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

શ્રી સાઈબાબા ભકતોનો કેવો આદર કરતા હતા તથા તેમને કેમ રાખતા હતા તે સર્વ આ અધ્યાયમાં જોઈએ.

**સંતોનો જીવનહેતુ :** આપણે અગાઉ વાંચી ગયા કે દિવ્ય અવતારનો હેતુ જ સજ્જનોના રક્ષણનો તથા દુર્જનના નાશનો હોય છે. પણ સંતોનો જીવનહેતુ જુદો હોય છે. તેમને મન તો સજ્જન તેમજ દુર્જન સૌ સરખા જ હોય છે. તેમને દુષ્ટ દુર્જન માટે વધુ લાગણી હોય છે. તેથી તેમને સત્ય રાહ પર મૂકવા પ્રયત્ન કરે છે. તેઓ ભવસાગર પાર કરાવનાર અગસ્ત્ય જેવા છે. અજ્ઞાન-અંધકારનો નાશ કરનારા સૂર્ય જેવા છે. સંતોમાં ઈશ્વરનો વાસ છે. ખરી રીતે તો તેઓ ઈશ્વરથી જુદા નથી. આપણા સાઈ પણ આવા જ સંત હતા, જેમણે ભકતોના કલ્યાણ અર્થે જ જન્મ ધારણ કર્યો હતો. અજબ જ્ઞાનવંત દિવ્ય તેજોધારી બાબાનો પ્રેમ સર્વ પ્રાણીઓ પર એકસરખો હતો. પોતે વૈરાગી હતા. મિત્ર કે શત્રુ, રાજા કે રંક-સૌ તેમને મન સરખા જ હતા. તેમની શકિતનું વર્ણન સુણજો. પોતે ભકતોના શ્રેયાર્થે પુણ્યના ભંડાર ખર્ચી દેતા હતા અને તેમને સહાય કરવા સદા તત્પર રહેતા. પણ ભકતો બાબાની ઇચ્છા હોય ત્યારે જ તેમની નજીક જઈ શકતા હતા. તેમની સહાય પ્રાપ્ત કરવાનો જેમનો વારો આવ્યો ન હોય તેમને બાબા યાદ જ કરતા નહિ, જેથી તેમને કાને બાબાની લીલાની કથા કદી પડતી જ નહિ. તો પછી તેમને બાબાનાં દર્શનનો વિચાર સરખો પણ કયાંથી થાય ? કેટલાક લોકોને બાબાનાં દર્શનની ઇચ્છા થતી હતી છતાં બાબાની મહાસમાધિ સુધી બાબાના દર્શનનો યોગ જ તેમને આવ્યો નહિ. આમ બાબાના દર્શનની ઇચ્છા ફળીભૂત ન થઈ હોય એવા

પણ કેટલાયે લોકો છે. જો આવા લોકો બાબામાં શ્રદ્ધા રાખી તેમની લીલાનું શ્રવણ કરે તો તેમના દર્શનરૂપી દૂધની તૃષા ઘણે અંશે તેમની લીલારૂપી દહીં વડે છીપી શકશે. કદાચ સદ્‌ભાગ્યના બળે કોઈએ શિરડી આવી બાબાનાં દર્શન કર્યાં હશે તો બાબાની ઇચ્છા વિરુદ્ધ શું તે શિરડીમાં રહી શકયા હતા ? નહિ જ. કોઈ પોતાની ઇચ્છાથી શિરડી જઈ શકતું નહિ અને એવી ઇચ્છા થતી અને ત્યાં જતાં તો દીર્ઘકાળ ત્યાં ટકી શકતાં નહિ. બાબા શિરડીમાં જેટલું રોકાવાની આજ્ઞા આપતા તેટલું જ રોકાઈ શકાતું. જેવી બાબા વિદાય થવાની આજ્ઞા આપતા (કે) તરત જ દરેકને શિરડી છોડીને જવું પડતું. આમ સર્વ કંઈ બાબાની ઇચ્છા પર જ અવલંબતું હતું.

**કાકા મહાજની :** એક વાર કાકા મહાજની મુંબઈથી શિરડી આવ્યા. તેમની ઇચ્છા એક અઠવાડિયું શિરડી રોકાઈને ગોકુળ આઠમનો તહેવાર ત્યાં જ ઉજવવાની હતી. આવીને તેમણે જેવાં બાબાનાં દર્શન કર્યાં તેવો જ બાબાએ તેને પ્રશ્ન કર્યો,: ''તું ઘેર પાછો ક્યારે જવાનો છે ?'' આ પ્રશ્ન સાંભળી તેને આશ્ચર્ય થયું. તે બોલ્યા: ''આપ આજ્ઞા આપશો ત્યારે જઈશ.'' એટલે બાબાએ કહ્યું: ''આવતી કાલે જજે''. બાબાની આજ્ઞા એટલે અફર કાયદો જ હતો. તેને પાળવો જ પડે. તેથી કાકા મહાજની બાબાની આજ્ઞા મુજબ બીજે દહાડે શિરડી છોડી મુંબઈ પાછા ગયા. ઑફિસમાં ગયા ત્યારે જણાયું કે તેમના શેઠ તેમની રાહ જોઈને જ બેઠા હતા. મુનીમ ભયાનક માંદો પડી જવાથી કાકાની હાજરી અનિવાર્ય બની હતી. જેથી તેને જલદી પાછા આવવા શેઠે શિરડી કાગળ પણ લખ્યો હતો, જે શિરડીથી રિડાયરેક્ટ થઈ તેમને મુંબઈમાં મળ્યો.

**ભાઉસાહેબ ધુમાળ :** હવે ઉપરનાથી વિરુદ્ધ બીજી કથા સાંભળો. એક વાર ભાઉસાહેબ ધુમાળ કોઈ કેસને માટે નિફાડ જતા હતા. માર્ગમાં શિરડી આવી બાબાનાં દર્શન કર્યાં. પછી તરત જ નિફાડ ઉપડી જવાની તેમની ઇચ્છા હતી. પણ બાબાએ તેમને જવાની રજા આપી નહિ. સતત એક અઠવાડિયું શિરડીમાં રોકાયા. એ દરમ્યાન નિફાડના મૅજિસ્ટ્રેટના પેટમાં અસહ્ય દર્દ ઉપડવાથી તેમના કેસની બીજી મુદત પડી હતી. કેસ કેટલાક માસ ચાલ્યો,



જે દરમ્યાન મૅજિસ્ટ્રેટની બદલી થઈ ગઈ હતી. છેવટે ધુમાળ એ કેસ જીત્યા અને તેમનો અસીલ નિર્દોષ છૂટી ગયો.

**શ્રીમતી નિમોણકર :** નિમોણના વતની અને ઑનનરી મૅજિસ્ટ્રેટ શ્રી નાનાસાહેબ નિમોણકર પોતાનાં પત્ની સાથે શિરડી રહેતા હતા. એ દંપતી મસીદમાં બાબા પાસે આખો દહાડો બેસતું અને તેમની સેવા કરતું હતું. એવામાં તેમનો પુત્ર બેલાપુરમાં માંદો પડ્યો. તેથી શ્રીમતી નિમોણકરે બાબાની રજા લઈ બેલાપુર જઈને પુત્રને તથા સગાંસ્નેહીને મળવા અને ત્યાં થોડા દહાડા રોકાવાનું નક્કી કર્યું. પણ તેના પતિ નાનાસાહેબે ત્યાં એક જ દિવસ રહીને પાછા આવવાની આજ્ઞા કરી. એથી એ બાઈ વિચારમાં પડી ગયાં કે હવે શું કરવું ? પણ બાબા તેની મદદે આવ્યા. શિરડીથી વિદાય થતાં તે બાઈ બાબાની રજા લેવા આવ્યાં. તે વેળા બાબા આ નાનાસાહેબ તથા બીજા જોડે સાઠેના વાડા આગળ ઊભા હતા. બાઈએ સાષ્ટાંગ નમસ્કાર કરી બાબાની રજા માગી. ત્યારે બાબા બોલ્યા : ''જાઓ જલદી જજો. કોઈ ચિંતા કરશો ના. શાંતિ રાખજો. બેલાપુરમાં આનંદથી ચાર દહાડા રોકાજો. બધાં સગાંવહાલાંને મળજો અને પછી શિરડી આવજો.'' બાબાનાં આ વચનો કેવાં સમયસર હતાં! બાબાની આ આજ્ઞાથી નાનાસાહેબની દરખાસ્ત ઊડી ગઈ.

**નાસિકના મૂળે શાસ્ત્રી :** નાસિકના મૂળે શાસ્ત્રી નામે ચુસ્ત અગ્નિહોત્રી ષટ્‌શાસ્ત્રના અભ્યાસી હતા. જ્યોતિષ તથા હસ્તરેખામાં તે પારંગત હતા. એક વાર નાગપુરના પ્રસિદ્ધ શ્રીમંત બાપુસાહેબ બુટીને મળવા સારુ તે શિરડી આવ્યા. મળીને સૌ સાથે મસીદમાં બાબાનાં દર્શને આવ્યા. તે વખતે બાબા ગાંઠના પૈસા ખર્ચી ફેરિયા પાસેથી ફળો ખરીદી ત્યાં બેઠેલા લોકોને વહેંચતા હતા. બાબા કેરી ઘોળવામાં એવા કુશળ હતા કે બાબાની ઘોળેલી કેરી ચુસતાં જ એકીસાથે બધો રસ મોઢામાં આવી જતો અને છોતરું ને ગોટલો જ બાકી રહેતાં. એમ કેળાંની છાલ ઉતારી બાબા તેનો ગલ વહેંચી દેતા હતા અને છાલ પોતાને સારુ રાખતા હતા. હસ્તરેખાના જાણકાર મૂળે શાસ્ત્રીને બાબાનો હાથ જોવાની ઇચ્છા થઈ. તેથી તેણે બાબાને હાથ બતાવવા વિનંતી કરી. પણ બાબાએ તે પર કંઈ ધ્યાન આપ્યું નહિ. પણ તેના હાથમાં ચાર કેળાં આપ્યાં.

એ પત્યા પછી બધા વાડામાં આવ્યા. મૂળે શાસ્ત્રી સ્નાન કરી પવિત્ર વસ્ત્ર પહેરી અગ્નિહોત્ર, સંધ્યાદિ નિત્યકર્મ કરવા માંડ્યા. અહીં બાબા નિત્ય માફક લેંડી પર જવા ઉપડ્યા ત્યારે બોલ્યા : ''થોડો ગેરુ લાવજો. આજે ભગવું કપડું રંગવું પડશે.'' પણ બાબાનાં આ વચનોનો મર્મ કોઈ સમજી શક્યું નહિ. થોડી વાર પછી બાબા મસીદમાં આવ્યા અને આરતીની તૈયારી થઈ. એ વેળા વાડામાં બાપુસાહેબ જોગે, મૂળે શાસ્ત્રીને પૂછી જોયું કે ''તમે મારી જોડે આરતીમાં આવો છો ?'' ત્યારે મૂળે શાસ્ત્રીએ ના પાડી અને કહ્યું, ''હું બપોરે બાબાનાં દર્શને આવીશ.'' મસીદમાં બાબા આસન પર બેઠા. ભક્તોએ તેમનું પૂજન કર્યું અને આરતી શરૂ થઈ. એ વખતે બાબાએ કહ્યું, ''પેલા નવા આવેલા બ્રાહ્મણ પાસેથી કંઈક દક્ષિણા લાવો.''

તેથી બુટી પોતે વાડામાં જઈ મૂળે શાસ્ત્રીને દક્ષિણા લઈને આવવાનું કહેવા ગયા અને બાબાનો સંદેશો કહ્યો. શાસ્ત્રી ભારે મૂઝવણમાં પડ્યા. મનમાં વિચારવા લાગ્યા,: ''હું પવિત્ર અગ્નિહોત્રી બ્રાહ્મણ છું. બાબા ભલે મહાન સંત રહ્યા. હું કંઈ તેમનો આશ્રિત નથી. પણ બાબા જેવા સંત પુરુષ આ બુટી જેવા શ્રીમંત દ્વારા મારી પાસેથી દક્ષિણા માગે છે, તેથી મારાથી ના પણ કેમ પડાય?'' એવો વિચાર કરી નિત્યકર્મ અધૂરું મૂકીને તે બુટી જોડે મસીદમાં આવ્યા. પોતે નાહી-ધોઈ પવિત્ર બનેલા છે અને મસીદ તો અપવિત્ર હોય એવું માની દૂર ઊભા રહી હાથ જોડી બાબા પર પુષ્પ ફેંક્યાં. પણ આ શું ? આસન પર તેણે બાબાને દીઠા નહિ. એ આસન પર તો પોતાના કૈલાસસ્થ સદ્ગુરુ ઘોલપસ્વામીને બેઠેલા તેમણે દીઠા. એથી તો તે ભારે આશ્ચર્યમાં પડી ગયા. શું આ સ્વપ્ન હશે ? ધ્યાનથી જોયું તો પોતે જાગૃત છે, સ્વપ્ન નથી. 'તો મારા સદ્ગત ગુરુ ઘોલપસ્વામી અહીં ક્યાંથી ?' થોડી વાર તો તે અવાક્ થઈ ગયા. પણ પોતાના શરીરે ચૂંટી ખણી અને પુનઃ જોયું. તે વિચારમાં પડી ગયા. પણ પોતાના સદ્ગત ગુરુ ઘોલપસ્વામીને આમ મસીદમાં આસન પર બેઠેલા જ જોયા. એ વાતની કંઈ ઘડ બેઠી નહિ. છેવટે બધી શંકા-કુશંકા છોડી દઈને તે તો મસીદમાં પગથિયાં ચડી પોતાના ગુરુના ચરણમાં પડી ગયા અને પછી બન્ને હાથ જોડી ઊભા રહ્યા. બીજા બધા તો સાઈબાબાની આરતી ગાતા હતા



પણ મૂળે શાસ્ત્રી ગુરુનું નામસ્મરણ કરતા હતા. બ્રાહ્મણપણાનું તેમજ પવિત્રતાનું અભિમાન છોડીને તે ગુરુના ચરણમાં પડ્યા અને આંખો મીંચી દીધી. પણ ઊઠીને પુનઃ આંખો ઉઘાડી ત્યારે પોતાની પાસે દક્ષિણા માગતા બાબાને તેણે દીઠા. આમ બાબાની મૂર્તિ તથા અગમ્ય શક્તિ જોતાં જ શાસ્ત્રીજી ભાન ભૂલી ગયા. તેમને પરમ આનન્દ થયો અને આંખમાંથી હર્ષનાં આંસુ વહેવા લાગ્યાં. તેણે પુનઃ પુનઃ બાબાને પ્રણામ કર્યા તથા દક્ષિણા આપી હાથ જોડ્યા: ''દેવ મારી સર્વ શંકા નિર્મૂળ થઈ છે. આજે મને મારા ગુરુનું દર્શન આપે કરાવ્યું છે.'' આમ આ અજબ લીલા જોઈને મૂળે શાસ્ત્રી તથા સર્વજનોનાં અંતર દ્રવ્યાં અને બાબાના સવારના શબ્દો 'ગેરુ લાવજો, આજે ભગવાં કપડાં કરવાં છે.' એ વચનોનો મર્મ સૌ સમજ્યા. બાબાની આવી અદ્ભુત લીલા હતી.

**એક દાકતર :** એક વાર એક મામલતદાર પોતાના દાકતર મિત્રને લઈ શિરડી આવ્યા. દાકતરે પ્રથમથી જ કહેલું કે ''મારા ઇષ્ટદેવ રામ છે. હું મુસલમાનને પગે પડવાનો નથી. તેથી શિરડી આવવા હું રાજી નથી.'' ત્યારે મામલતદારે તેને કહેલું કે ''તમને પગે પડવાનો આગ્રહ કોઈ કરવાનું નથી. એવી આજ્ઞા પણ કોઈ કરશે નહીં. માટે અમારી જોડે આવશો તો આનંદ થશે.'' અને સૌ દાકતરને તેડી શિરડી આવ્યા. બધા મસીદમાં ગયા ત્યારે દાકતરે જ સૌથી પ્રથમ જઈને બાબાને નમસ્કાર કર્યા. આ જોઈ સૌ અચંબો પામ્યા. તેથી તેમને પૂછ્યું, ''તમે તમારો નિશ્ચય કેમ વિસરી ગયા ? અને મુસલમાનને કેમ નમસ્કાર કર્યા ?'' ત્યારે દાકતરે ઉત્તર દીધો: ''મેં તો મસીદમાં જતાં જ આસન ઉપર મારા ઇષ્ટદેવ રામને જોયા. તેથી જ મેં તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યા.'' આમ વાતચીત ચાલતી હતી ત્યાં જ પુનઃ તેણે આસન પર સાઈબાબાને દેખ્યા. એથી મુંઝાઈને તે બોલ્યા : ''શું મેં આ સ્વપ્ન જોયું? એ મુસલમાન કેમ હોય ? એ તો યોગસંપન્ન અવતાર જ છે.''

બીજે દહાડે મનમાં જ સોગન લઈ દાકતર ઉપવાસ પર ઉતર્યા કે બાબાના આશીર્વાદ ન ઉતરે ત્યાં સુધી મારે મસીદમાં જ ન જવું. એવી પ્રતિજ્ઞા લીધી અને પોતે મસીદમાં ગયા નહિ. આમ ત્રણ દિવસ વીતી ગયા. ચોથે દહાડે ખાનદેશથી તેનો એક મિત્ર આવ્યો. તેની જોડે બાબાનાં દર્શને તે

મસીદમાં સ્વત: જ ગયા. નમસ્કાર થઈ રહ્યા પછી સ્વયં બાબાએ જ પૂછ્યું: ''કેમ દાકતર, તને અહીં આવવાને કોઈ બોલાવવા આવ્યું હતું ?'' બાબાનો આ પ્રશ્ન સાંભળતાં જ દાકતર લેવાઈ ગયો. એ જ રાત્રે દાકતરને બાબાએ સુબહ-સ્વપ્ન આપ્યું અને ઊંઘમાં પરમાનંદનો અનુભવ થયો. પછી તે પોતાને ગામ ગયા. ત્યાં એક પખવાડિયા સુધી આ સુબહ-સ્વપ્ન આવ્યા કર્યું. એથી સાઈબાબા પર તેની ભક્તિ ખૂબ વધી.

ઉપર કહેલી સર્વ કથાનો અને તેમાં પણ મૂળે શાસ્ત્રીની કથાનો સારબોધ એટલો જ છે કે આપણે ગુરુ પર અડગ શ્રદ્ધા રાખવી જોઈએ. હવે પછીના અધ્યાયમાં સાઈબાબાની વધુ લીલાનું વર્ણન કરીશું.

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભકત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'શ્રીસંત ઘોલપ-રામદર્શન'**
**નામ બારમો અધ્યાય: સંપૂર્ણ ।**
**શ્રી સદ્‌ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

## અધ્યાય ૧૩

## ભિમાજી ક્ષયનિવારણ



શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ।
શ્રી ગુરૂભ્યો નમઃ । શ્રી કુળદેવતાયૈ નમઃ ।
શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।
શ્રી સદ્‌ગુરૂસાઈનાથાય નમઃ ।

માયાની અકળ કળા :

બાબાનાં વચનો ઊંડાં, ટુંકાં, અર્થગંભીર, સચોટ, જોરદાર તથા સમતોલન ભર્યાં હતાં. તે સદા ફકીર છું. મારે ઘરબાર કુટુંબ કબીલું કંઈ નથી. એ બધી ચિંતા છોડીને હું એક સ્થળે બેસી ગયો છું. તેમ છતાં અકળ માયા મને પણ ઘણહી વાર સતાવે છે. મારી જાતને હું ભૂલી શકું છું પણ માયાને ભૂલા શકતો નથી. તે તો સદા મારા પર આવરણ પાથર્યા જ કરે છે. શ્રીહરિની આ માયા બ્રહ્માને તેમજ સર્વ દેવોને પણ પજવે છે. તો પછી મારા જેવા ફકીરનું તો પૂછવું જ શું ? માત્ર શ્રીહરિનું શરણં પકડનારા જ શ્રીહરિની કૃપાથી માયાની પકડમાંથી મુક્ત બને છે.''

આમ બાબા માયાની શક્તિ વર્ણવતા હતા. ભાગવતમાં ભગવાન શ્રીકૃષ્ણે ભક્તશ્રેષ્ઠ ઉદ્ધવને કહ્યું છે કે. ''સંતો મારું જીવંત સ્વરુપ છે.'' નિજ ભક્તોના શ્રેયાર્થે બાબા શું કહેતા તે સુણજો. ''જે સદ્‌ભાગી છે અને જેનાં પાપ નષ્ટ થયાં છે તેવા પુરૂષો જ મારું પૂજન કરે છે. જો તમે નિત્ય 'સાઈ, સાઈ' નામ લેશો તો હું તમને સાત સમુદ્ર પાર લઈ જઈશ. આ વચનો સત્ય માનશો તો જરૂર લાભ થશે. અષ્ટ વિધિ કે સોળ વિધિ પૂજનના

સાહિત્યની મારે કંઈ જરૂર નથી. જ્યાં પૂર્ણ ભક્તિ છે ત્યાં હું સદા હાજર છું." જે લોકોએ બાબાનું શરણ પકડેલું તેવા ભક્તોના કલ્યાણ માટે બાબાએ શું શું કર્યું હતું તે સાંભળો.

ભીમાજી પાટીલ : પુના જિલ્લાના જુન્નર તાલુકાના નારાયણ ગામના ભીમાજી પાટીલ છાતીના સખ્ત દર્દથી સને ૧૯૦૯ થી પીડાતા હતા. અને એ દર્દ ખૂબ લાંબું ચાલ્યું. અંત આ દર્દમાંથી તેને ક્ષય થયો.. તેણે ઘણી દવા કરી પણ કંઈ ન વળ્યું. છેવટે સર્વ આશા છોડી તેણે ઈશ્વરને પ્રાર્થના કરી. "હે નારાયણ ! હવે તો આપ જ મને સહાય કરો. " એ વાત તો સર્વ વિદિત છે કે આપણી સારી સ્થિતિમાં  સંપદ વેળા આપણે ભગવાનનું સ્મરણ કરતા નથીં. પણ દુઃખમાં  વિપદ વેળા આપણને ભગવાન સાંભળે છે. એથી ભીમાજીએ હવે પ્રભુને યાદ કર્યા. તેના મનમાં થયું કે બાબાના મહાન ભક્ત શ્રી. નાનાસાહેબ ચાંદોરકરની સલાહ લઊં તો સારું તેથી પોતાનાં દર્દની સર્વ વિગત જાણાવી તેણે તેમના પર એક પત્ર લખ્યો અને સલાહ માગી, ઉત્તરમાં નાનાસાહેબે લખ્યું કે "હવે તો માત્ર એક છેલ્લો ઉપાય છે." નાનાસાહેબની આ સલાહ પર શ્રદ્ધા રાખીને પાટીલ શીરડી આવવાની તૈયારી કરી. ગાડામાં બેસાડી તેને શીરડીની મસીદમાં લાવ્યા અને બાબા પાસે બેસાડ્યા. એ વેળા નાનાસાહેબ તથા શામા ત્યાં હાજર હતા. બાબા બોલ્યા, "આના પૂર્વના પાપકર્મને લીધે આ દર્દ થયું છે. તેમાં હું શું કરું ?  નાના, તું આવાને કેમ મારે માથે મારે છે ?" એમ બોલી પોતે વચ્ચે પડવા રાજી નથી એમ કહ્યું. એ સાંભળી ભીમાજી તો નિરાશ બની રડવા લાગ્યા. તે બોલ્યા : "બાબા, હું તો નિરાધાર છું. આપ જ મારી છેવટની આશા છો. માટે જ મે આપનું શરણ પકડ્યું છે. આપ મારા પર દયા કરો." એથી બાબાનું અંતર દ્રવ્યું. તે બોલ્યા, "રહેજે. તું બધી ચિંતા છોડી દેજે. તારા દુઃખનો અંત આવ્યો છે.

ગમે તેવા દુઃખમાં સબડતો માણસ એકવાર પણ આ મસીદનાં પગથીયાં ચડશે તેવીજ તેની બધી પીડાનો અંત આવશે ને સુખી થશે. દ્વારકામાઈનો ફકીર બહુ દયાળુ છે. એ જ તારાં બધાં દર્દ નિવારશે, અને દયાથી પ્રેમથી તારું રક્ષણ કરશે.'' ભીમાજીને દર પાંચ પાંચ મિનિટે ઉલટીમાં લોહી પડતું હતું. પણ અહીં મસીદમાં આવતાં જ બાબાની હાજરીમાં ઉલટી જ બંધ થઈ ગઈ. આવા આશાનાં દયાળુ વચનો બાબાએ ઊચ્ચાર્યાં ત્યારથી જ દર્દ કમી થવા લાગ્યું. ભીમાબાઈનું મકાન સગવડભર્યું આરોગ્યપ્રદ સ્થળ નહોતું. છતાં એજ મકાનમાં ઉતરવા બાબાએ ફરમાવ્યું. તેથી બાબાની આજ્ઞા માનીને ભીમાજી ત્યાં રહ્યાં. એ દરમ્યાને બે સ્વપ્ન દ્વારા બાબાએ તેને આરામ કર્યો. તેને પ્રથમ સ્વપ્ન આવ્યું, તેમાં જાણે પોતે નિશાળમાં ભણે છે ત્યા મહેતાજીએ એક કવિતા મોઢે કરવાની આપી છે. તે પોતે મોઢે કરી લાવ્યા નથી તેથી આવડતી નથી. માટે મહેતાજીએ તેને સોટીના ઘણા ફટકા માર્યા, જેથી તે ખૂબ દુઃખી થઈને ખૂબ રડયા. આ સ્વપ્ન પુરૂં થયા પછી બીજું સ્વપ્ન આવ્યું. તેમાં જાણે તેની છાતી પર બેસી પત્થરવટાણો લઈને એક જણ ખૂબ જોરથી છાતી પર ઘસે છે, જેથી તેને અસહ્ય પીડા થાય છે. આ બન્ને સ્વપ્નમાં ભારે પીડા સહન કરી જેવા તે જાગ્યા તેવા જ સાવ સાજા બની ગયા અને પછી ઘેર ગયા. એ પછી તે વારંવાર આવતા હતા. અને પોતાના પર બાબાએ કરેલી કૃપા ગદ્ગદ કંઠે યાદ કરતા અને બાબાના પગમાં પડી જતા. ભક્તો કૃતઘ્ન ન બનતાં સદા દૃઢ શ્રદ્ધા ભક્તિ સદા પોતાનું સ્મરણ કરે તે સિવાય અન્ય કશું બાબા માગતા નહોતા. મહારાષ્ટ્રમાં દર માસે કે દર પખવાડી એ લોકો ઘેર સત્યનારાયણનું પૂજન કથા કરે છે. આ ભીમાજી પાટીલે ઘેર જઈ સત્યનારાયણવ્રત પૂજાને બદલે સાઈસત્યવ્રત પૂજન જ શરૂ કર્યું હતું.

બાળા ગણપત દર્જી : બાબા ગણપત દર્જી નામ બાબાનો એક

ભક્ત હતો. તે મેલેરીયા તાવથી હેરાન થતો હતો. તેણે સર્વ પ્રકારની દવા તથા ઉકાળા પી જોયા, પણ બધુ નિષ્ફળ ગયું. તાવ મુદ્દલ ઉતરતો જ નહિ. તેથી શીરડી મસીદમાં આવી બાબાના પગમાં પડી ગયો. એક વિચિત્ર ઉપાય બતાવતાં બાબા બોલ્યા : ''લક્ષ્મીમંદિર પાસે કાળીયા કૂતરાને દહીંભાત ખવડાવજે. તારો તાવ આલ્યા જશે.'' બાબાને આ ઉપાયને અમલ કેમ કરવો તે ખબર નહોતી. જેવો તે ઘેર ગયો તે તરત જ તેને ભાત તથા દહીં મળી ગયાં. તે લઈ તે લક્ષ્મીમંદિર પાસે આવ્યાં ત્યારે એક કાળીયો કૂતરો પૂછડી હલાવતો ત્યાં જોયો. તરત જ તેણે દહીંભાત એ કૂતરા પાસે મૂક્યા. કૂતરો તે ખાઈ ગયો અને અદ્‌ભુત રીતે બાબાનો મેલેરીયા તાવ તે દિવસથી જતો રહ્યો.

બાપુસાહેબ બુટી : એક વાર બાપુસાહેબ બુટીને મરડો થયેલો. અને સાથે ઉલટી પણ થયા કરતી હતી. તેની પાસે પુષ્કળ પેટન્ટ દવાઓ હતી પણ કોઈ દવા કારગત નીવડી નહિ. આ ઝાડા તથા ઉલટીને લીધે બાપુસાહેબને અશક્તિ ઘણી આવી ગઈ. તેથી તે બાબાના દર્શન સારૂ મસીદ સુધી પણ જઈ શક્યા નહિ. એથી બાબાને જ તેને બોલાવ્યા અને પોતાની સામે બેસવા કહ્યું. અને પછી બાબા બોલ્યા : ''ઉલટી પણ બંધ જ થવી જોઈએ.'' બાબાના આ વચનોનું બળ તો જુઓ ! એ જ પળે બુટીનાં બન્ને દર્દ અલોપ થયાં. અને શ્રી. બુટી સાવ સાજા થઈ ગયા.

બીજુ એક વાર બુટીને કોલેરા થયેલો. એથી ઝાડા ઉલટી સાથે તૃષા પણ ખૂબ લાગતી હતી. તેમના અંગત ડૉ. પીલાઈએ ઘણીયે હવા અજભાવી જોઈ પણ દર્દ બિલકુલ નરમ પડ્યું નહિં. છેવટ બુટી બાબા પાસે ગયા અને દર્દ મટે તથા છીપાય તેવો કોઈ પીવાનો પદાર્થ બતાવતા વિનતિ કરી. બાબાએ તેમને બદામ ચારોળી પીસ્તાંની રાબડી સાકરમાં બનાવીને તે પીવાનો ઈલાજ બતાવ્યો. આવું પીવાથી તો ઉલટું આ દર્દ વધે ને ભયંકર

રૂપ પકડે, અને કદાચ દર્દીને ખલાસ કરી નાંખે એવોજ વૈદ્ય દાકતરો અભિપ્રાય આપશે. પણ બુટીને બાબાની આજ્ઞાનો બરાબર અમલ કર્યો. અને તેમનું દર્દ અજબ રીતે નાબુદ થયું.

આળંદી સ્વામી : આળંદીથી સ્વામી બાબાનાં દર્શનાર્થે શીરડી આવ્યા. તેના કાનમાં એવી સખ્ત પીડા ઉપડેલી કે જેથી તેને ઉંઘ બિલકુલ આવતી ન હોતી. તે માટે તેણે અગાઉ ઓપરેશન પણ કરાવ્યું હતું. છતાં કશો કાયદો થયો નહોતો. અહીં તો દર્દ અસહ્ય બન્યું. અને શું કરવું તે કંઈ ખબર પડતી નહોતી. શીરડીથી વિદાય થતી વેળા તે બાબાની રજા લેવા આવ્યા. એ વખતે આ સ્વામીના કાનના દર્દનો ઉપાયા બતાવતા શામાએ વિનતી કરી. બાબાએ આશ્વાસન આપીને કહ્યું. ''અલ્લા અચ્છા કરેગા.'' પછી તો સ્વામી ત્યાંથી પુના ગયા. અને અઠવાડીયા બાદ શીરડી તેમનો કાગળ આવ્યો કે ''કાનમાં સોજો તો છે. પણ હવે દર્દ થતું નથી.'' એ સોજાના ઓપરેશન માટે તે મુંબઈ ગયા ત્યારે કાન તપાસીને સર્જને કહ્યું કે ''ઓપરેશનની આમાં જરૂર નથી. સ્વતઃજ મટી જશે.'' બાબાનાં વચનોની આવી અજબ અસર થતી હતી.

કાકા મહાજની : કાકા મહાજની નામે ભક્તને  એક વાર શીરડીમાં બહુ ઝાડા થતા હતા. બાબાની સેવામાં કોઈ વિઘ્ન ન આવે અને તરત ઝાડે જવાય તે સારુ તેણે મસીદના એક ખુણામાં પાણી ભરેલો લોટો રાખ્યો હતો. સાઈબાબા બધી વાત જાણતા હતા. તેથી કાકાએ આ વાત બાબાને સીધી કરી નહોતી. તે તો માનતા હતા કે બાબા મને જલદીથી આરામ કરી દેશે. એ સમયમાં મસીદના ચોકમાં લાદી જડવાની બાબાએ રજા આપી હતી. પણ જ્યારે એ કામ ચાલવા લાગ્યું ત્યારે બાબા ભારે ક્રોધે ભરાઈને બરાડા પાડવા લાગ્યા. એથી બધા ડરીને મસીદમાંથી નાસી ગયા. કાકા પણ નાસવા જતા હતા ત્યાં જ બાબાએ તેને પકડીને બેસાડ્યા. આ

ગડબડાટમાં કોઈની મગફળી ભરેલી નાની થેલી ત્યાં પડી રહી હતી. બાબાએ તે થેલીમાંથી મુઠી ભરી મકફળી કાઢી હાથથી મસળી ફૂંક મારી તેના ફોતરાં ઉરાડી દીધાં અને મગફળીના દાણા કાકાને બાવા આપ્યા. ખૂબ ખરાડા પાડતાં પાડતાં જ પોતે મગફળી ફોલ્યે જતા અને દાણા કાકાને ખવડાવતા હતા. અને સાથે પોતે પણ કોઈ કોઈ દાણા મોંમાં મૂકતા હતા. કોથળીંમાની બધી મગફળી પુરી થઈ રહી ત્યારે કાકાને કહ્યું, ‘‘પાણી લાવ. મને તરસ લાગી છે.’’ અને કાકા એક પાણીનો લોટો ભરી લઈ આવ્યા. તેમાંથી અધરથી બાબાને થોડું પાણી પીને બીજુ કાકાને પાયું. ત્યાર બાદ બાબા બોલ્યા, ‘‘હવે તારા ઝાડા બંધ થયા છે. લાદી જડવાનું કામ કરવા લાગો.’’ દરમ્યાન નાસી ગયેલા ભક્તો પણ પાછા આવ્યા. અને લાદીનું કામ કરવા લાગ્યા. કાકાના ઝાડા બંધ થઈ ગયા હતા તેથી તે પણ કામે લાગી ગયા. શું મગફળી ઝાડા બંધ કરવાની દવા છે ? વૈદ્યકશાસ્ત્રના સિદ્ધાંત મુજબ તો મગફળીથી ઉલટા ઝાડા વધે છે નેં મટતા ન નથી. પણ આવા દષ્ટાંતમાં બાબાનાં વચનો જ સાચી દવા બનતી હતી.

હર્દાના દત્તોપંત : હર્દાના એક ગૃહસ્થ દત્તોપંતને ચૌદ વર્ષથી પેટનું દર્દ હતું. કોઈ ઉપાયથી તે મટતું નહોતું. એવામાં તેણે સાંભળ્યું કે શીરડીના સાઈબાબા દર્શન માત્રથી રોગ મટાડે છે. તેથી શીરડી આવી તે બાબાના ચરણે પડ્યા. દયાળુ બાબાએ તેના સામું જોઈ આશીર્વાદ આપ્યા ને મસ્તક પર હાથ મૂક્યો. એવી આશિર્વાદ સાથે તેણે બાબાની ઉદી લીધી તેવું જ તેનું સર્વ દુઃખ મટી ગયું, અને પેટની કશી જ પીડા રહી નહિ.

(આ અધ્યયના અંતે આપેલી નોંદમાં ભક્ત હેમાડપંતે બીજા ત્રણ દષ્ટાંત પણ ટાંકેલાં છે. : ૧) માધવરાવ દેશપાંડે (શામા) ને હરસનું દર્દ હતું. તે પર બાબાએ તેને સોનામુખીનો ઉકાળો પાયો ને દર્દ મટી ગયું. ત્યાર બાદ વળી બે વર્ષે તેને હરસની પીડી ઊપડી ત્યારે બાબાને પૂછયા વિના જ

શામાએ સોનામુખીનો ઉકાળો લીધો. એથી તેનું દર્દ ઉલટું વધી ગયું. પણ પછીથી બાબાની કૃપાવડે તેનું દર્દ મટયું હતું.

૨) કાકા મહાજનીનો મોટો પુત્ર ગંગાધરપંત ઘણા દિવસથી પેટના દર્દને લીધે પીડાતો હતો. બાબાનું નામ સાંભળી તે શીરડી આવ્યો અને દર્દ, મટાડવા બાબાને અરજ કરી. બાબાએ પેટ પર હાથ ફેરવીને કહ્યું, ''ભગવાન તને મટાડશે.'' અને એજ પળે તેનું પેટનું દર્દ નિર્મૂળ થયું. અને તે સાવ સાજો થઈ ગયો.

૩) નાનાસાહેબ ચાંદોરકરને પણ એક વાર પેટની ભારે પીડા ઉપડેલી. દિવસ રાત કયાંય ચેન પડતું નહોતું. દાકતરાએ કેટલાયે ઇજેંકશન માર્યા. પણ તેની કશી જ અસર ન થઈ. છેવટે તે બાબા પાસે ગયા. બાબાએ તેની ઘી જોડો બરફી મિલાવીને આપી અને તે લેતાં જ તેનું દર્દ મટી ગયું. આ સર્વ વાતોનો સાર એટલો છે કે દર્દ મટાડવાની સાચી દવા તો બાબાનાં આશીર્વાદાત્મક વચનો જ હતાં !)

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભકતહેમાડપંતવિરચિતે શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે 'ભીમાજી ક્ષયનિવારાણં' નામ તેરમો અધ્યાય સંપૂર્ણ ।**

**શ્રી સદ્‌ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

# અધ્યાય ૧૪
## રતનજી-સાઈ-સમાગમ

**શ્રી ગણેશાય નમ: । શ્રી સરસ્વત્યૈ નમ: । શ્રી ગુરુભ્યો નમ: ।**
**શ્રી કુલદેવતાયૈ નમ: । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમ: ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમ: ।**

શ્રી સાઈબાબાનાં કૃપા-વચન વડે અસાધ્ય રોગ કેવા મટી જતા તેનું વર્ણન ગયા અધ્યાયમાં આપ્યું છે. હવે શ્રી રતનજી વાડિયાને બાબાએ આશીર્વાદ સાથે પુત્રપ્રાપ્તિનો કેવો લાભ આપ્યો તેનું વર્ણન અહીં કરીશું.

સંત શ્રીસાઈનું જીવન સ્વાભાવિક રીતે આંતરિક તેમજ બહારથી બહુ મીઠું હતું. તેમનાં દરેક કામ, રહેણી-કરણી, ભોજન, વચન સર્વ મીઠાં હતાં. તેમનું જીવન જ સુખના અવતાર સમું હતું. શ્રી સાઈના નામ-જપના ફળના બદલમાં ભકતોને બાબા આવું જ સુખ આપતા હતા. વ્યવહાર તથા ધર્મની વિવિધ કથા બાબા ભકતોને કહેતા હતા, જેથી તેઓને સાચા ધર્મનું જ્ઞાન થતું. જગતમાં લોકો સુખેથી રહે એ જ તેમનો હેતુ હતો. સદા સાવચેતીથી જીવનનું ધ્યેય-આત્મદર્શન દરેકે સાધવું જોઈએ. આ માનવદેહ ગત જન્મોના પુણ્યના ફળરૂપે આપણને મળેલ છે; જેની સહાય વડે જ આપણે આ જીવનમાં ભક્તિ-મુક્તિ પામી શકીશું. તેથી પ્રમાદી બનીને બેસી ન રહેતાં આપણે જીવનનું અંતિમ ધ્યેય પ્રાપ્ત કરવા સદા તત્પર રહેવું જોઈએ.

જો તમે નિત્ય સાઈલીલા-કથાઓ સાંભળશો તો તમને તેમનાં સુખદ દર્શન સદા થશે. ચિત્તમાં તેમનું જ સદા સ્મરણ કરજો. આ રીતે શ્રી સાઈ પર તમારો સાચો પ્રેમ થશે ત્યારે જ મનની નબળાઈ નષ્ટ થશે અને પ્રગતિ થતી રહેશે. જેથી છેવટે તમે તેમના પવિત્ર ભાવરૂપ જ બની શકશો.

**નાંદેડના રતનજી :** હવે આ અધ્યાયની મુખ્ય કથા કહીએ. નિઝામ-રાજ્યના નાંદેડ ગામમાં શ્રી રતનજી શાપુરજી વાડિયા નામે એક શ્રીમંત પારસી

મિલ-કૉન્ટ્રાક્ટર વ્યાપારી રહેતા હતા. તે ખૂબ ધનવાન હતા. જમીન-ખેતરવાડી પણ હતાં. ઘેર ઢોર, ઘોડાં તથા વાહન હતાં. બહારથી જોતાં તે ખૂબ સુખી ને સંતોષી દેખાતા હતા, પણ અંદરખાનેથી તેમ નહોતું. ઈશ્વરીય વિધાન જ એવું છે કે આ જગતમાં સંપૂર્ણ સુખી અને ધનવાન કોઈ હોતું નથી. રતનજી આ બાબતમાં અપવાદરૂપ નહોતા. તે દાની તથા ઉદાર હતા. ગરીબ લોકોને તે અન્નવસ્ત્ર આપી અનેક રીતે સહાય કરતા હતા. લોકો તેમને સુખી, ભલા પુરુષ માનતા હતા પણ તેમને પુત્ર કે પુત્રી કંઈ સંતાન નહોતું; તેથી રતનજી પોતાને દુ:ખી માનતા હતા. જેવું પ્રેમભક્તિ વિનાનું કીર્તન છે, જેવું વાદ્ય વિનાનું સંગીત છે, જેવો યજ્ઞોપવીત વિનાનો બ્રાહ્મણ છે, જેવો સર્વ કળામાં વહેવારુ આવડત વગરનો માણસ છે, જેવી પશ્ચાત્તાપ વગરની યાત્રા છે, જેવો રત્ન વિનાનો દાગીનો છે, તેવું જ પુત્ર વિનાના માણસનું ઘર શૂન્ય જેવું છે. રતનજી પણ આ બાબત સદા ચિંતામગ્ન રહેતા અને મનમાં કહેતા: ''શું ઈશ્વર મને પુત્રનું દાન કરવા કૃપા કરશે ?'' આમ શોકાતુર થવાથી અન્ન પર તેને રુચિ થતી નહિ. દાસગણુ મહારાજ પર તેમને સારો ભાવ હતો. તેથી એકવાર તેમને મળીને તેમની પાસે પોતાનું અંતર ખોલ્યું. દાસગણુએ તેમને સલાહ દીધી: ''તમે શિરડી જઈ બાબાનાં દર્શન કરો અને તેમના ચરણમાં પડી પ્રાર્થના કરો તથા સંતાન માટે આશીર્વાદ માગો.'' રતનજીને આ વાત ગમી અને તેમણે શિરડી જવાનું નક્કી કર્યું. થોડા દહાડા બાદ શિરડી જઈ તેમણે બાબાનાં દર્શન કર્યાં અને તેમના પગમાં પડી ગયા. સાથે લીધેલ સુંદર ફૂલહાર બાબાને પહેરાવ્યો અને ફળનો ટોપલો ભેટ ધર્યો. પછી ખૂબ ભક્તિથી બાબા પાસે બેઠા. નમ્રતાપૂર્વક પ્રાર્થના કરતાં તેણે કહ્યું: ''દેવ ! મુસીબતમાં ફસાયેલા ઘણા લોકો આપની પાસે આવે છે, આપ તેમનાં કષ્ટ સત્વર દૂર કરો છો. એ વાત સાંભળીને હું પણ આપને શરણે આવ્યો છું. મને નિરાશ કરશો નહીં. મારા પર કૃપા કરો.'' ત્યાર બાદ જે પાંચ રૂપિયા દક્ષિણા આપવાનું રતનજીના મનમાં હતું એ પાંચ જ રૂપિયાની દક્ષિણા માગતાં બાબા બોલ્યા : ''તારી રૂા.૩-૧૪-૦ દક્ષિણા મને મળી ગઈ છે. હવે બાકીની મારી પાંચ રૂપિયાની દક્ષિણા લાવ.'' એ સાંભળી રતનજી મુંઝાયા. પ્રથમ તો બાબાએ શું કહ્યું તે જ એ સમજ્યા નહિ. 'હું તો આ સૌપ્રથમ જ શિરડી આવ્યો છું. ત્યારે મારી



પાસેથી અગાઉ રૂા.૩-૧૪-૦ દક્ષિણા મળી છે એવું બાબાએ કેમ કહ્યું હશે?'' આ ગૂંચનો ઉકેલ તે કરી શક્યા નહિ, પણ બાબાએ માગેલી દક્ષિણાના પાંચ રૂપિયા તેમણે બાબાના પગમાં ધર્યા. પછી પોતે શા વાસ્તે આવ્યા છે તથા બાબાની કઈ સહાય ઇચ્છે છે તે સર્વ વાત કરી. પ્રાર્થનાપૂર્વક બાબાને કહ્યું: ''બાબા, કૃપા કરીને મને પુત્રદાન કરો.'' એથી બાબાનું અંતર દ્રવ્યું અને રતનજીને કહ્યું: ''હવેથી ચિંતા કરીશ ના. આજથી તારા ખરાબ દિવસ પૂરા થયા છે.'' વળી બાબાએ તેના મસ્તક પર હાથ મૂકી ઉદી આપીને તેને આશીર્વાદ આપ્યા અને કહ્યું: ''અલ્લાહ તારા અંતરની ઇચ્છા પૂરી કરશે.''

શ્રી બાબાની રજા લઈ રતનજી પાછા નાંદેડ ગયા અને શિરડીમાં જે કંઈ બન્યું હતું તે સર્વ દાસગણુને કહી સંભળાવ્યું. એ વાત કરતાં રતનજીએ કહ્યું: ''બીજું બધું તો બરાબર. મને સુખેથી બાબાનાં દર્શન થયાં. બાબાએ મને ઉદી-પ્રસાદ આપી આશીર્વાદ દીધા. પણ એક વસ્તુ હું સમજી શકતો નથી. બાબાએ મને કહ્યું કે અગાઉ તારી પાસેથી રૂા.૩-૧૪-૦ દક્ષિણા મળી છે. આ શબ્દોનો અર્થ હું સમજી શકતો નથી. હું આ પહેલાં તો કદી શિરડી ગયો નથી. તો બાબાએ કહેલ રૂા.૩-૧૪-૦ દક્ષિણા હું બાબાને શી રીતે આપી શક્યો હોઈશ?'' દાસગણુને પણ આ ગુંચ સમજાઈ નહિ. તેમણે એ વાત પર ખૂબ વિચાર કર્યો. ત્યારે થોડી વાર બાદ યાદ આવ્યું કે થોડા દહાડા પર રતનજીના ઘેર મૌલાસાહેબ નામે એક સંત મળવા આવ્યા હતા. તેમના સત્કારમાં રતનજીને કંઈક ખર્ચ થયો હતો. મૌલાસાહેબ સાદા સંત હતા અને નાંદેડના લોકોમાં પ્રસિદ્ધ હતા. શિરડી જવાનું રતનજીએ નક્કી કર્યું તેના આગલે દહાડે જ મૌલાસાહેબ તેમના ઘેર અચાનક જ પધાર્યા. રતનજીને તેમની પિછાન હતી અને તેમના પર ભાવ પણ હતો. તેથી તે પધારતાં તેમના મનમાં તેમણે સત્કારની મિજબાની કરી. તેમાં કરેલ ખર્ચની યાદી દાસગણુએ રતનજી પાસેથી માગી. તો એ ખર્ચ ગણતાં તે બરાબર રૂા.૩-૧૪-૦ જ થયો હતો. એક પાઈ વધારે નહિ કે એક પાઈ ઓછી નહિ. આ જોતાં જ બધા ભારે અચંબો પામ્યા. બાબા સર્વજ્ઞ છે તેની ખાતરી થઈ. બાબા પોતે શિરડી રહે છે છતાં દૂરદૂર શું ચાલી રહ્યું છે તેની તેમને બધી જ ખબર પડે છે. તેમને ભૂત-ભવિષ્ય-વર્તમાનની સર્વ ખબર છે. દરેક જોડે તેમણે સંપૂર્ણ એકત્વ સાધ્યું છે.

આ દૃષ્ટાંતમાં જ તેમણે મૌલાસાહેબ જોડે એકત્વ ન સાધ્યું હોય અને એ બન્ને એકરૂપ જ ન હોય તો આ મૌલાસાહેબના સત્કારની તથા તે પાછળ થયેલા ખર્ચની બાબાને શી રીતે ખબર પડે ?

રતનજીને આ ખુલાસાથી સંતોષ થયો અને બાબા પરની શ્રદ્ધા દૃઢ થઈ. યોગ્ય સમય આવતાં તેને બાબાના આશીર્વાદ ફળ્યા. તેમને ત્યાં પુત્રનો જન્મ થયો. હર્ષનો પાર રહ્યો નહિ. કહે છે કે તેમને કુલ બાર સંતાન થયાં, જેમાંથી હાલ ચાર સંતાન જીવે છે.

(આ અધ્યાયને અંતે આપેલી નોંધમાં રાવબહાદુર હરિ વિનાયક સાઠેની પહેલી પત્ની ગુજરી જતાં બીજી સ્ત્રી પરણવાથી પોતાને પુત્ર થશે જ એવી ખાતરી કોઈ સંત પુરુષ આપે તો જ પરણવું તેમ તે ઉત્તર દેતા. એ બાબતમાં બાબાએ જે સુબક વચનો કહેલાં તે અહીં (મૂળ ગ્રંથમાં) આપ્યાં છે. રાવબહાદુર સાહેબે બીજી વાર લગ્ન કર્યું. પ્રથમ તો આ સ્ત્રીથી તેમને બે પુત્રી થઈ. તેથી સાઠે જરા નિરાશ થયેલા. પણ ત્રીજું સંતાન પુત્ર થયો. બાબાનું વચન સત્ય ઠર્યું અને તેમને સંતોષ થયો.)

**દક્ષિણા-મીમાંસા :** હવે દક્ષિણા વિષેની નોંધ આપીને આ અધ્યાય સમાપ્ત કરીશું. જે લોકો બાબાના દર્શને આવતા તેમની પાસેથી બાબા દક્ષિણા માગતા હતા એ વાત પ્રસિદ્ધ છે. એથી કોઈ પ્રશ્ન કરે કે ''જો બાબા ફકીર હતા તથા સંપૂર્ણ વૈરાગી હતા, તો પછી દક્ષિણા કેમ માગતા હતા ? તેમને પૈસાની શી જરૂર હતી ?'' આ પ્રશ્નની સર્વાંગી ચર્ચા આપણે કરીશું.

પ્રારંભમાં તો બાબા દીર્ઘકાળ સુધી કોઈની પાઈ પણ સ્વીકારતા નહિ. ઓલવાયેલી દીવાસળીઓ એકઠી કરી પોતે ખિસ્સામાં ભરતા. ભક્ત અગર ગમે તે હોય, કોઈ પાસેથી કશું માગતા જ નહિ. એ પછી તેમની પાસે કોઈ પૈસો-બે પૈસા મૂકતું તો તેની તમાકુ અગર તેલ વેચાતું લેતા. બાબાને તમાકુનો શોખ હતો. કેમ કે નિત્ય બીડી કે ચલમ પોતે પીતા હતા. એ પછી કેટલાક લોકોના દિલમાં જ થયું કે સંતને દર્શને આપણે ખાલી હાથે ન જવાય. તેવા લોકો બાબા પાસે ત્રાંબાના પૈસા મૂકવા લાગ્યા. એક પૈસો મૂક્યો હોય તો



બાબા તે ઉપાડી ખિસ્સામાં મૂકતા. પણ જો ઢબુ મૂકેલ હોય તો તે પાછો આપી દેતા. એ પછી તો બાબાની કીર્તિ દૂર દૂર સુધી પ્રસરી. સંખ્યાબંધ લોકો બાબાના દર્શને આવવા લાગ્યા અને બાબા તેમની પાસેથી દક્ષિણા માગવા લાગ્યા. શ્રુતિમાં કહ્યું છે કે દેવપૂજન સુવર્ણના સિક્કાના દાન વિના સંપૂર્ણ ગણાય નહિ. આમ જો દેવપૂજનમાં પણ પૈસાની જરૂર છે, તો સંતપૂજનમાં તેની જરૂર કેમ ન હોય ? એથી જ શાસ્ત્રોમાં લખ્યું છે કે દેવ, રાજસંત કે ગુરુ પાસે કદી ખાલી હાથે જવું નહિ. કંઈક પણ ભેટ તેમને ધરવી જોઈએ. તેમાં પણ ધનની, પૈસાની ભેટ વધુ સારી સગવડભરી ગણાય છે.

આ વિષયમાં ઉપનિષદ્‌માં આપેલાં વચનો આપણે જોઈએ. બૃહદારણ્યક ઉપનિષદ્‌માં કહ્યું છે કે ભગવાન પ્રજાપતિએ દેવો, માનવો તથા દાનવોને 'દ' અક્ષર વડે બોધ કર્યો: ૧) દેવોએ આ 'દ' અક્ષરનો અર્થ દમ-સંયમ પાળવો એમ કર્યો, ૨) માનવોએ આ 'દ' અક્ષરનો અર્થ દાન દેવું એમ કર્યો. અને ૩) દાનવોએ 'દ' અક્ષરનો અર્થ દયા રાખવી એમ કર્યો. આમ માનવીને દાન કરવાનું કહ્યું છે. તૈત્તિરીય ઉપનિષદ્‌માં ગુરુએ શિષ્યને દાન તથા તેના પ્રકાર પ્રબોધ્યા છે, જેમાં ગુરુ કહે છે: ''દાન શ્રદ્ધાથી કરજો. શ્રદ્ધા વગર પણ દાન કરજો. ઉદારતાથી દેજો, નમ્ર બનીને દેજો. સહાનુભૂતિથી તથા માનપૂર્વક દેજો.''

આ દાનના મહિમાના બોધ માટે તથા ધનની તૃષ્ણાના નાશ અર્થે તેમજ ચિત્તની પવિત્રતા ખાતર જ શ્રી સાઈબાબા ભક્તો પાસેથી દક્ષિણા માગતા હતા. તે સાથે બાબા ખાસ કહેતા કે તમે જે આપો છો તે કરતાં સો ગણું મારે તમને પાછું આપવું પડે છે. આ બાબતમાં કેટલાંક દૃષ્ટાંત પણ છે. પ્રસિદ્ધ નાટ્યકાર ગણપતરાવ બોડકે પોતાના મરાઠી આત્મવૃત્તાંતમાં લખે છે : ''બાબા વારંવાર દક્ષિણાનો આગ્રહ કરતા. તેથી મારું પૈસાનું પાકીટ જ હું તેમની પાસે ખાલી કરતો. પરિણામે મારા આખા જીવનમાં મને કદી પૈસાની તંગી જ પડી નથી. મને પુષ્કળ પૈસા મળ્યા કરતા.''

કેટલાક દૃષ્ટાંતમાં દક્ષિણાનો બીજો અર્થ પણ થયો હતો, જેમાં બાબા નાણાંની કોઈ રકમ માગતા નહોતા. તેનાં બે દૃષ્ટાંત આપું: ૧) પ્રો. નારકે પાસે

બાબાએ પંદર રૂપિયાની દક્ષિણા માગી. નારકેએ કહ્યું: ''બાબા, આપ જાણો છો કે મારી પાસે રાતી પાઈ નથી.'' ત્યારે બાબા બોલ્યા: ''તારી પાસે પૈસો નથી એ વાત હું જાણું છું, પણ તું યોગવસિષ્ટ વાંચે છે તેમાંથી તું મને દક્ષિણા દે.'' અહીં દક્ષિણાનો અર્થ એવો થતો હતો કે એ પુસ્તકમાં આપેલ બોધનો સાર ખેંચી તારા હૃદયમાં મારો વાસ છે ત્યાં એ બોધ એકત્ર કરી રાખજે.

૨) બીજા દષ્ટાંતમાં શ્રીમતી તર્ખડ પાસેથી બાબાએ દક્ષિણાના છ રૂપિયા માગ્યા. બાઈ પાસે પૈસો ય નહોતો. તેથી તેના મનમાં સંતાપ થયો. ત્યારે તેના પતિએ તેને સમજાવ્યું કે બાબા તો તારા શત્રુ- કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, ઈર્ષા-તેમને સમર્પણ કરી દેવાનું તને કહે છે. અને બાઈએ જ્યારે બાબાને આ દક્ષિણાનો એ અર્થ છે કે કેમ એમ પૂછ્યું ત્યારે બાબાએ હા પાડી હતી.

વળી એ વસ્તુ પણ નોંધપાત્ર છે કે બાબા પાસે દક્ષિણાના જે રૂપિયા એકઠા થતા તે સર્વ પોતે તે જ દહાડે સાંજે દાનમાં દઈ દેતા હતા.બીજે દહાડે સવારે તો તે સાવ ફકીર બનીને જ બેસતા હતા. છેલ્લાં દસ વરસમાં તો બાબા પાસે દક્ષિણાના હજારો રૂપિયા આવ્યા હતા, છતાં જ્યારે તેમણે મહાસમાધિ લીધી ત્યારે તેમની પાસેથી વીસેક રૂપિયા જ નીકળ્યા હતા.

ટૂંકમાં ભક્તો પાસેથી દક્ષિણા લેવાનો બાબાનો મુખ્ય ઉદ્દેશ તો ભક્તોને વૈરાગ્યવૃત્તિ તથા પવિત્ર ભાવનાના પાઠ ભણાવવાનો જ હતો.

તા.ક. આ દક્ષિણાના વિષય પર સાઈલીલા માસિક વ.૭-વા.૭-૨૫ ઉપર થાણાના નિવૃત્ત મામલતદાર બાબાના પરમ ભક્ત શ્રી બી.વી. દેવનો એક લેખ પ્રસિદ્ધ થયો છે. તેમાં તે લખે છે: ''બાબા બધા પાસેથી દક્ષિણા માગતા નહોતા. માગ્યા વિના કોઈ દક્ષિણા આપતું ત્યારે ઘણી વાર તો તે પાછી આપી દેતા. ચોક્કસ ભક્તો પાસેથી જ તે દક્ષિણા માગતા હતા. બાબા આપણી પાસે માગશે પછી આપણે દક્ષિણા આપશું એવું જે ભક્તોના મનમાં હોય તેની પાસેથી તો બાબા કદી માગતા જ નહોતા. બાબાની મરજી વિરુદ્ધ જો કોઈ દક્ષિણા ધરતું તો બાબા એને અડકતા જ નહિ. તે છતાં એ ત્યાં રાખી મૂકે તો તે ઉઠાવી લેવાની બાબા આજ્ઞા કરતા હતા. ભક્તોની ભક્તિ, ઇચ્છા તથા



સગવડ પ્રમાણે બાબા તેમની પાસેથી નાની-મોટી રકમ દક્ષિણાની માગી લેતા હતા. સ્ત્રીઓ તથા બાળકો પાસેથી પણ દક્ષિણા માગતા. બધા જ શ્રીમંત પાસેથી કે બધા જ ગરીબ પાસેથી બાબા કંઈ દક્ષિણા માગતા નહોતા.

બાબાએ દક્ષિણા માગી હોય છતાં તેણે તે ન આપી હોય તેવાની જોડે બાબા કદી ક્રોધ કરતા નહિ. કોઈએ મિત્ર જોડે દક્ષિણા મોકલી હોય અને મિત્ર તે આપવાનું ભૂલી ગયો હોય તો બાબા તેને યાદ દેવડાવી માગી લેતા હતા. વળી કોઈ વાર ભક્ત દક્ષિણાની જે રકમ બાબા પાસે મૂકતો તેમાંથી ચોક્કસ જ રકમ ઉપાડી લેવા માટે બાબા તેને આજ્ઞા કરતા અને એ રકમ તેમના દેવમંદિરમાં સાચવીને રાખવાનું કહેતા. બાબાની આ પદ્ધતિથી દાતા ભક્તને ત્વરિત લાભ થતો. મૂળ સંકલ્પ કરેલી રકમ કરતાં જો કોઈ વધુ રકમ આપતું તો બાબા એ વધારાની રકમ તેને પાછી આપી દેતા હતા. વળી કોઈ ભક્ત પાસે દક્ષિણાના પૈસા ન હોય તો બીજા પાસેથી ઉછીના લઈને પણ આપવાની પોતે આજ્ઞા કરતા હતા. કોઈ કોઈ પાસેથી તો દહાડામાં ચાર-પાંચ વખત પણ દક્ષિણા માગતા.

દક્ષિણાની આવેલી રકમમાંથી બાબા ચલમ અગર ધૂણીનાં લાકડાં ખરીદવા કે એવા કામમાં બહુ અલ્પ ખર્ચ કરતા અને બાકીની રકમ જુદા જુદા માણસોને દાનમાં દઈ દેતા હતા. શિરડી સંસ્થાનની સર્વ વસ્તુઓ તો રાધાકષ્ણમાઈની સૂચના મુજબ વિવિધ શ્રીમંત ભક્તો લઈ આવ્યા હતા. જ્યારે આવી કોઈ ભારે કિંમતી વસ્તુ લાવતું ત્યારે બાબા ખૂબ ગિન્નાઈને ગાળો દેતા. પોતે નાનાસાહેબ ચાંદોરકરને કહેતા: ''મારી મિલકતમાં તો માત્ર એક લંગોટી, એક ચીંથરુ, એક કફની અને પતરાનું આ ડબલું છે. લોકો આવી નકામી કિંમતી વસ્તુઓ લાવી મને પજવી રહ્યા છે.''

પરમાર્થના કામમાં ધન તથા સ્ત્રી (કાંચન અને કામિની) એ વસ્તુ જ વિઘ્નહર્તા ગણી છે. પોતાના ભક્તોએ આ બે વસ્તુનો કેવો ત્યાગ કર્યો છે તેની પરીક્ષા માટે જ બાબાએ શિરડીમાં આ બે સંસ્થા-એક દક્ષિણાની તથા બીજું રાધાકૃષ્ણમાઈની સ્થાપી હતી. જ્યારે જ્યારે ભક્તો શિરડી આવતા ત્યારે પોતે તેની પાસેથી દક્ષિણા માગતા તેમજ રાધાકૃષ્ણમાઈના ઘેર જવાની આજ્ઞા

આપતા. જો આ બે કસોટી-ધન તથા સ્ત્રી પ્રત્યેના વૈરાગ્યની કસોટીમાંથી ભક્ત પાર ઉતરતો દેખાતો, તેની આધ્યાત્મિક પ્રગતિ ઝડપબંધ થતી હતી અને તે બાબાની મહેરબાની તથા આશીર્વાદ પ્રાપ્ત કરી શકતો હતો.

શ્રી દેવે ગીતા અને ઉપનિષદ્‌ના કેટલાક શ્લોકો ટાંકીને બતાવ્યું છે કે પવિત્ર સ્થળે પવિત્ર પુરુષને દાન આપવાથી દાતાનું ભારે કલ્યાણ થાય છે. શિરડી જેવું પવિત્ર સ્થળ કયું છે ? તેમજ તેના અધિષ્ઠાતા દેવ શ્રી સાઈબાબાથી વધુ પવિત્ર કોણ છે ?

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભક્ત હેમાડપંત વિરચિતે**
**શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'રતનજી-સાઈ-સમાગમ તથા દક્ષિણામીમાંસા'**
**નામ ચૌદમો અધ્યાય: સંપૂર્ણ ।**
**શ્રી સદ્‌ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**

# અધ્યાય ૧૫
## શ્રી ચોળકર-શર્કરાખ્યાન

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

છઠ્ઠા અધ્યાયમાં શિરડીમાં રામનવમી-ઉત્સવકથા વર્ણવી છે. એ ઉત્સવની શરૂઆત કેમ થઈ, એ પ્રસંગના કીર્તન માટે સારા હરિદાસ મેળવતાં કેવી મુસીબત નડેલી તથા શ્રી બાબાએ આ કામ દાસગણુને કેમ સોંપ્યું અને દાસગણુએ કેવી કુશળતાથી તે પાર ઊતાર્યું એ સર્વ હકીકત છઠ્ઠા અધ્યાયમાં આપી છે. હવે દાસગણુ જે રીતે હમેશાં કીર્તન કરતા હતા તેનું વર્ણન આ અધ્યાયમાં વાંચીએ.

**નારદીય કીર્તન-પદ્ધતિ :** સામાન્ય રીતે આપણા હરિદાસ કીર્તન વેળા બધાં કપડાં પહેરી ખભે ખેસ નાંખે છે અને માથા પર ફેંટો કે પાઘડી મૂકે છે. ખમીસ પર લાંબો ડગલો પહેરે છે અને લાંબુ ધોતિયું પહેરી ખભે ઉપરણો નાંખે છે. શિરડીમાં આ કીર્તન માટે આવાં જ કપડાં પહેરી દાસગણુ બાબાને પ્રણામ કરવા ગયા ત્યારે બાબા બોલ્યા : ''આવો વરરાજા, આવાં સુંદર કપડાં પહેરીને ક્યાં પધારો છો ?'' દાસગણુએ ઉત્તર દીધો : ''દેવ, હું તો કીર્તન કરવા જાઉં છું.'' ત્યારે બાબાએ પૂછ્યું : ''આવાં બધાં વસ્ત્રો-ડગલો, ઉપરણો, ફેંટો એ બધાની શી જરૂર છે ? એ બધો દેખાવ કરીને અહીં આવવાની કે એ સર્વ પહેરવાની અગત્ય ક્યાં છે ?'' દાસગણુ સમજી ગયા અને બધાં કપડાં ઉતારી બાબાના ચરણમાં મૂક્યાં. ત્યારથી તેમણે આવાં કપડાં ફરી પહેર્યાં નથી. પોતે માત્ર એક ધોતિયું જ પહેરતા હતા અને ગળામાં પુષ્પનો હાર રાખતા હતા. સામાન્ય રીતે સર્વ હરિદાસની કપડાંની રસમ આવી નથી. પણ બાબાની બતાવેલ આ રસમ ઉત્તમ છે. મહર્ષિ નારદ કીર્તન-પદ્ધતિના પિતા ગણાય છે. તે પોતે ધોતિયા સિવાય અંગ પર કે માથે કશું પહેરતા નહિ. હાથમાં વીણા લઈ તે વગાડતા ને પ્રભુના ગુણગાન કરતા કરતા સ્થળે સ્થળે ફરતા હતા.

***શ્રી ચોળકરની ખાંડ વિનાની ચા :*** અહમદનગર તથા પૂના જિલ્લામાં બાબાનું નામ પ્રખ્યાત હતું. નાનાસાહેબ ચાંદોરકરના અંગત અનુભવ દ્વારા તથા દાસગણુનાં અજોડ-સુંદર કીર્તનો દ્વારા બાબાની કીર્તિ આખા કોંકણ પ્રદેશમાં ખૂબ પ્રસરી હતી. વસ્તુત: દાસગણુનાં અજોડ-સુંદર કીર્તનો સાંભળીને ઘણા માણસોને બાબા વિષેની માહિતી મળી હતી. કીર્તન સાંભળવા આવનાર શ્રોતાજનોના શોખ વિવિધ પ્રકારના હોય છે. કોઈ હરિદાસની વિદ્વત્તા વખાણે છે તો કોઈને તેમની બુદ્ધિ તથા હાસ્યરસ પસંદ પડે છે. કોઈ તેમનો વેદાંત પરનો બોધ તો કોઈ તેમનાં દ્દષ્ટાંત ને વાતો વખાણે છે. પણ આ કીર્તન સાંભળીને પ્રભુ પર તથા સંત પર શ્રદ્ધાભક્તિપ્રેમ જેમના હૃદયમાં જાગે એવા શ્રોતાજનો તો બહુ થોડા હોય છે. દાસગણુના કીર્તનના શ્રવણની અસર શ્રોતાના મન પર વિદ્યુત જેવી થતી હતી. એ દાખલો અહીં આપીએ :

એક વાર દાસગણુ થાણામાં કૌપીનેશ્વર મહાદેવની જગામાં ''સાઈબાબાના ગુણ પ્રતાપ'' એ વિષય ઉપરનું કીર્તન કરતા હતા. થાણા જિલ્લાની દીવાની અદાલતમાં ઉમેદવાર તરીકે નોકરી કરતા શ્રી ચોળકર નામે એક ગરીબ માણસ અન્ય શ્રોતા જોડે બેસીને આ કીર્તન સાંભળતા હતા. દાસગણુનું કીર્તન તેમણે ધ્યાનપૂર્વક સાંભળ્યું અને તેમના મન પર ભારે અસર થઈ. ત્યાં જ તેમણે મનમાં બાબાને પ્રણામ કર્યાં અને બાધા લીધી: ''હે બાબા, મારા કુટુંબનું પૂરું પોષણ પણ હું કરી શકતો નથી. હું અત્યંત ગરીબ છું. આપની કૃપાથી જો હું અમારા ખાતાની પરીક્ષામાં પાસ થઈશ અને મને કાયમી જગા મળશે તો હું શિરડી આવી આપનાં દર્શન કરી આપને ચરણે માથું મૂકીશ અને આપને સાકર ધરીને વહેંચીશ. ત્યાં સુધી હું સાકર ખાઈશ નહિ.'' એ પછી સુભાગ્યે ચોળકર ખાતાની પરીક્ષામાં પાસ થયો અને તેને કાયમી જગા મળી. હવે લીધેલી પ્રતિજ્ઞા પૂરી કરવાની બાકી રહી હતી. જેમ તે વહેલી પૂરી થાય તેમ ઉત્તમ. આ નિર્ધન ચોળકરને મોટા કુટુંબનું પોષણ કરવાનું હતું. તેથી શિરડી જવાના ખર્ચ જેટલી બચત થતી નહોતી. કોઈએ ખરું કહ્યું છે કે 'થાણા જિલ્લાનો નાણેઘાટ સહ્યાદ્રિ પર્વત ઓળંગવો સહેલો છે



પણ નિર્ધન માણસને ઊંબરઘાટ-ઘરનો ઉંબર પણ ઓળંગવો અઘરો છે.' ચોળકરની ઇચ્છા પોતાની પ્રતિજ્ઞા બને તેટલી વહેલી પૂરી કરવાની હતી. તેથી ખર્ચમાં ભારે કાપકૂપ કરીને પણ શિરડીયાત્રા માટે પૈસા એકઠા કરવા એવો નિશ્ચય કર્યો. નિત્યના ખોરાકમાં ખાંડ-સાકરની બાધા લીધી હતી. તેથી ચા પણ ખાંડ-સાકર વિનાની જ તે લેતો હતો. આમ પોતે થોડાક પૈસા બચાવી શક્યો અને બાબાના દર્શનાર્થે તે શિરડી આવ્યો. બાબાના પગમાં પડી શ્રીકૃષ્ણ ધર્યું અને લીધેલી પ્રતિજ્ઞા મુજબ બાબાને શુદ્ધ હૃદયથી સાકર ધરાવીને ભક્તોને વહેંચી દીધી. બાબાને કહ્યું : ''બાબા, આપનાં દર્શન કરીને હું કૃતકૃત્ય થયો. આજે મારી ઇચ્છા પૂર્ણ થઈ.'' ચોળકર, બાપુસાહેબ જોગને ઘેર ઉતર્યો હતો. જોગ પણ ત્યાં હાજર હતા. જેવા એ બન્ને જણ ઊઠીને મસીદમાંથી ઘેર જતા હતા તેવા જ બાબાએ જોગને કહ્યું : ''તારા મહેમાનને આજે ખૂબ સાકર નાંખીને ચા પાજે.'' આ સૂચક શબ્દો ચોળકરના કાને પડતાં જ તેના દિલ પર ભારે અસર થઈ. તે આશ્ચર્યચકિત બન્યો અને આંખમાં હર્ષાશ્રુ આવ્યાં. પુન: તે બાબાના પગમાં પડી ગયો. મહેમાનને ખૂબ સાકર નાંખીને ચા પીવાની બાબાની સૂચના સાંભળી જોગને પણ કુતૂહલ થયું હતું. બાબા તો આ વચનો દ્વારા ભક્ત ચોળકરના અંતરમાં શ્રદ્ધાભક્તિ જ વધારવા ઇચ્છતા હતા. પોતે જાણે તેમને સૂચવતા હતા કે તમારી સાકરની પ્રતિજ્ઞાની મને ખબર છે તથા તમારી બાધાની સાકર મને મળી ગઈ છે. આ દ્દષ્ટાંત દ્વારા બાબા એમ કહેવા માગતા હતા કે ''જો તમે ભક્તિથી મારી પાસે હાથ ધરશો તો હું અહોનિશ તમારી જોડે જ છું. ભલે, સ્થૂળદેહે હું અહીં શિરડીમાં બેઠો, પણ સાત સમુદ્ર પાર પણ તમે શું કરો છો તે સર્વ અહીં બેઠાં હું જાણું છું. આ વિશાળ જગત પર તમે ગમે ત્યાં જાઓ પણ હું તો સદા તમારી જોડે જ છું. મારું સ્થાન તમારા હૃદયમાં છે અને હું તમારામાં જ છું. તમારા હૃદયમાં તેમજ પ્રાણીમાત્રનાં હૃદયમાં બેઠેલા એવા મારું પૂજન કરજો. મને આ રીતે ઓળખનારા જ સાચા ભાગ્યવંત અને સુખી છે.'' આમ બાબાએ ચોળકરને કેવો સુંદર અગત્યનો પાઠ ભણાવ્યો હતો !

***બે ગરોળીઓ :*** *હવે બે નાની ગરોળીઓની કથા વર્ણવીને આ અધ્યાય પૂરો કરીશું. એકવાર મસીદમાં બાબાની સામે એક ભકત બેઠો હતો. એવામાં તેણે ચિચિયારી કરતી દીવાલ પર કૂદતી એક ગરોળી જોઈ. પેલા ભકતને કુતૂહલ જાગવાથી તેણે બાબાને પૂછ્યું, ''બાબા, આ ગરોળી કેમ ચિચિયારી કરે છે?'' એ શુભ શુકનસૂચક છે કે અશુભ ?'' બાબાએ ઉત્તર દીધો,: ''આજે તેની બહેન ઔરંગાબાદથી તેને મળવા આવનાર છે. તેથી તે ખૂબ આનંદિત બનીને ચિચિયારી કરે છે.'' બાબાના આ શબ્દો પેલો ભકત બરાબર સમજ્યો નહિ, તેથી છાનોમાનો બેસી રહ્યો. એવામાં એક ઘોડા પર બેસીને એક જણ ઔરંગાબાદથી બાબાનાં દર્શને આવ્યો. તેને હજુ આગળ જવાનું હતું. ઘોડો ભૂખ્યો હતો, તેથી તેને ચંદીના ચણા દેવાના હતા. ચણા લાવવા તેણે એક થેલી કાઢીને જેવી ઊંધી વાળીને ખંખેરી અને નીચે ઝાપટી તેવી જ તેમાંથી એક ગરોળી નીકળી આવી અને સૌના દેખતાં તે સામેની દીવાલ પર ચઢી ગઈ. ગરોળીનો પ્રશ્ન પૂછનાર ભકતની સામું બાબાએ જોયું. પેલી ગરોળી એકદમ કૂદીને તેની બહેન પાસે પહોંચી. દીર્ઘકાળ પછી બન્ને બહેનો મળી હતી. તેથી પ્રેમથી ગોળ ગોળ ફરીને નાચવા લાગી. કયાં શિરડી અને કયાં ઔરંગાબાદ ? ઔરંગાબાદથી ગરોળી લઈ ઘોડા પર બેસી આ માણસ શિરડી કેમ આવ્યો ? આ બે બહેનોના મિલનનું ભાવી બાબાએ કેવી રીતે કહ્યું હશે ? ખરેખર આ બધું ભારે આશ્ચર્યજનક છે. બાબા સર્વજ્ઞ હતા તે વસ્તુ આથી પુરવાર થાય છે.*

*તા.ક. જે કોઈ આ અધ્યાય ભાવથી વાંચશે અગર તેનું નિત્ય અધ્યયન કરશે તેનાં સર્વ સંકટ શ્રી સદ્‌ગુરુ સાઈબાબાની કૃપાથી ટળી જશે.*

***સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભકત હેમાડપંત વિરચિતે***
***શ્રી સાઈસમર્થ સચ્ચરિત્રે 'શ્રી ચોળકર-શર્કરાખ્યાન'***
***નામ પંદરમો અધ્યાયઃ સંપૂર્ણ ।***
***શ્રી સદ્‌ગુરુ સાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।***